સુવિચાર
સુખી થવું હોય તો સબંધોને કાયમ સાચવતા શીખો... વાપરતા નહિં !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૩/૦૫/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1999
હરિૐ
PENDAWALA
નેચરલ શિખંડ/મઠો
કોલાવેરી શિખંડ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૧ વૈશાખ વદ-૧ વર્ષ : ૧૬ અંક : ૧૨૯

## ક્મોસમી વરસાદે પાલિકાની પ્રિ-મોન્સુનની કામગીરીની પોલ ખોલી

# બગસરાની તાલુકા શાળા નજીક ગટરનાં ગંધાતા પાણી ફરી વળ્યા

### શહેરમાં સતત પડતા વરસાદથી ઠેર-ઠેર ગંદકીનાં ગંજથી રોગચાળાનો ખતરો ઉભો થયો

### નગરસેવકોને શહેરનાં વિકાસને બદલે સ્વવિકાસમાં વધારે રસ હોવાની ચર્ચા

### શહેરીજનોને ખોબલે-ખોબલે મતનાં બદલામાં દુવિધા જ મળી રહી છે

### શાસક પક્ષનાં હાઈકમાન્ડે શહેરીજનોનાં હિતમાં આગળ આવવું જરૂરી







તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૧૨

બગસરામાં છેલ્લાં પાંચ દિવસથી ક્મોસમી વરસાદ પડતા ખેડૂતોની સાથે હવે વેપારીઓને પણ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરમાં તાલુકા શાળા પાસે તેમજ બસ સ્ટેશન પાસે ગટરના પાણી ઉભરાઈને રોડ પર આવી ગયા હોવા છતાં પાલિકા દ્વારા આ બાબતે કોઈ કામગીરી કરવામાં ન આવતા વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે. બગસરામાં પડી રહેલા ક્મોસમી વરસાદને કારણે ખેતીના પાકને નુકસાન થઈ રહ્યુ છે. ત્યારે તાલુકા શાળા પાસે છેલ્લાં પાંચ દિવસથી ગટરના ગંધાતા પાણી ઉભરાઈને રોડ પર આવી જતા વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. રાહદારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ અંગે શહેરીજનોએ જણાવ્યુ હતું કે, મુખ્ય માર્ગ પર ગટરના ગંધાતા પાણી ફરી વળ્યા છે. શાસક પક્ષોને માત્ર મલાઈમાં જ રસ છે વેપારીઓ કે રાહદારીઓની હાલાકીનો કોઈ ખ્યાલ જ નથી. વેરા વધારામાં અવ્વલ રહેનારી નગરપાલિકા સાફ-સફાઈમાં છેલ્લાં નંબરે છે. આમ ક્મોસમી વરસાદ વરસતા જ મેઘરાજાએ નગરપાલિકાની પોલ ખોલી નાખતા વેપારીઓ અને રાહદારીઓમાં ગટરના ગંધાતા પાણીમાં થી પસાર થવા મજબુર બન્યા છે. જયારે આ બાબતે લોકોમાં રોષ ફેલાયો છે.

## લાંબા સમયથી ચાલતી કામગીરી આગળ ધપવાનું નામ લેતી નથી

# અમરેલી : લીલીયા ફોરલેન રોડનું કામ ધીમી ગતિએ ચાલતા આગામી ચોમાસામાં પરેશાની વધશે

### ઠેર-ઠેર માર્ગ ખોદી નખાતા પાણી પણ ભરાય જશે અને અકસ્માતનો ભય





અમરેલી, તા. ૧૨

અમરેલીથી લીલીયાને જોડતા ફોરલેન રોડ બનાવવા માટેની કામગીરી લાંબા સમયથી ચાલી રહી છે. આ રોડ બનાવવા માટે થઈ ઠેર ઠેર માર્ગ ખોદી નખાતા રાહદારીઓ અને વાહન ચાલકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે અને આગામી ચોમાસામાં પાણી ભરાય જશે જેથી અકસ્માતનો ભય ઉભો થશે. ત્યારે આ મુદ્દે અમરેલીના પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે માર્ગ અને મકાન વિભાગને કરેલી લેખિત રજૂઆતમાં જણાવ્યું છે કે, અમરેલી-લીલીયા ફોરલેન રસ્તા માટેની કામગીરી ઘણા લાંબા સમયથી ચાલી રહી છે. રોકડીયાપરા ચોકડી પાસે પુલનું કામ પણ લાંબા સમયથી ચાલી રહ્યું છે જેને લઈ વાહન ચાલકો ભારે મુશ્કેલીઓ ભોગવી રહ્યાં છે અને છેલ્લા ૧ વર્ષથી રાહદારીઓ, વાહન ચાલકો હાલાકીનો અનુભવ કરી રહયા છે.

તાજેતરમાં અમરેલીથી લીલીયા બાયપાસ સુધીના કામમાં થોડુક ખોદકામ કરી અડધો રસ્તો બંધ કરી દેવાયો હતો. આ માર્ગ અતિ ટ્રાફિકવાળા રસ્તો હોય અને વળી સવારના મહિલાઓ સહિત અનેક લોકો આ રસ્તા ઉપર વ્હેલી સવારે મોર્નિંગ વોકમાં લોકો નીકળતા હોય ટ્રાફિકવાળો રસ્તો હોય અને સીંગલ રસ્તો થયેલ હોય અને બાજુમાં કૃષિ યુનિવર્સિટીની દિવાલ હોય, ડાઈવર્ઝન

અનુસંધાન પાના ૬ ઉપર

## દામનગરમાં ઠેર-ઠેર ગાબડાથી પરેશાની



ત્રણ વર્ષ પહેલા દામનગર શહેરનાં સરદાર સર્કલ ફરતે બનાવેલ આરસીસી રોડમાં ખાડા પડવાની શરૂઆત થઈ ચુકી છે. નગરપાલિકા કચેરી નજીકમાં અને પ્રાથમિક શાળા નંબર-૧ પાસે પણ ખાડા થવાથી વિકાસની ગતિ તેજ થઈ છે. પડેલ આ ખાડાઓથી આજ સુધી કોઈ નાનો-મોટો અકસ્માત થયો નથી પણ દુર્ઘટના થશે તો...?

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
84,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૨/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## દિવ્યા આઈસ ફેક્ટરી નજીકની ઘટનાં

# જાફરાબાદમાં દારૂની ના પાડનાર યુવક ઉપર ૨ ઈસમોએ કર્યો હુમલો

### વચ્ચે પડેલ અન્ય એક યુવક ઉપર પણ થયો હુમલો

અમરેલી, તા. ૧૨

જાફરાબાદ ગામે રહેતા આરોપી દિનેશભાઈ ઉર્ફે ટીણો નાનાભાઈ ભાલીયા તથા વિશાલભાઈ રમેશભાઈ મકવાણાએ જાફરાબાદ ગામે સામાકાંઠા વિસ્તારમાં આવેલ પ્રાર્થના મંદિર પાસે રહેતા સાગરભાઈ માયાભાઈ બારૈયા નામના ૨૮ વર્ષિય માચ્છીમાર યુવક પાસે તા. ૧૧ના રોજ સાંજે ૫:૩૦ વાગ્યે જાફરાબાદ ગામે આવેલ દિવ્યા આઈસ ફેક્ટરી સામે જઈ

અનુસંધાન પાના ૬ ઉપર

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
- નોર્મલ-જોખમી-સિઝેરીયન પ્રસુતિ
- ડીલેવરી દરમ્યાન બાળકનાં ધબકારાનું મોનીટરીંગ કરવા માટે આધુનિક NST Machine
- પ્રેગનન્સી દરમિયાન બાળકનો વિકાસ તથા ખોડખાંપણ જાણવા માટે અત્યાધુનિક 3D/4D, કલર ડોપ્લર સોનોગ્રાફિ મશીન
- એન્ડોસ્કોપી તથા લેપ્રોસ્કોપી સેટઅપ
- ટાંકાવાળુ, ટાંકા વગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશય/અંડાશયની ગાંઠના ઓપરેશનો
- વંધ્યત્વની આધુનિક સારવાર
ડૉ. ઉપાસના સી. કુબાવત
(M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત



સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ ::
ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.
કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12
સાયન્સ / કોમર્સ / RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના ...

| | | |
|---|---|---|
| ધોરણ 8 | 95% ઉપર | 9મું FREE |
| ધોરણ 9 | 95% ઉપર | 10મું FREE |

ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:-
15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.
કુશાલ ધોળકીયા
Maths ,M.Sc., B.Ed.
અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઈ
Science ,M.Sc., B.Ed.
અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ
હવે વિદ્યાગુરૂ માં...
• Smart Board ધરાવતા ક્લાસ...
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ
CA,CS & CMA
FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા..
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતગર્ત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86

### એડીશનલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં કેસ ચાલી જતા

# અમરેલીનાં ચેક રીર્ટન કેસમાં આરોપીને એક વર્ષની સજાનો આદેશ કરાયો

### ફરિયાદી તરફે એડવોકેટ સંદીપ પંડયાની દલીલો સફળ રહી

અમરેલી, તા. ૧૨

અમરેલીના એક વેપારીની મારૂતીકાર ખરીદ કરી બાકી નીકળતી રકમના ચેક રીર્ટન કેસમાં આરોપીને ૧ વર્ષની સજા અને ચેક મુજબની રકમ ચુકવવા એડીશનલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ દ્વારા હુકમ કરવામાં આવેલ છે.



અમરેલીનાં વેપારી આશીષભાઈ તલસાણીયા પાસેથી આરોપી લુણા દેવાનંદભાઈ જેઠાભાઈ રે. જામખંભાળીયાએ કાર ખરીદીની બાકી રકમ પેટે આપેલ રૂપિયા ૧ લાખનો ચેક આપેલ તે બેંકમાં રીર્ટન થતાં આરોપી ઉપર નેગો ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ અન્વયેની ફરીયાદ દાખલ કરેલ હોય જે કેસ અમરેલીના એડિશનલ જયુડિશિયલ મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલેલો જેમા ફરીયાદ તરફે એડવોકેટ સંદીપ પંડયા રોકાયેલા હતા અને કેસને લગત જરૂરી આધાર પુરાવા રજુ કરી અને દલીલો કરી હતી ઝીણવટ ભરી કાયદાકીય રજુઆતોના અંતે આ કેસ કોર્ટમાં ચાલી જતા આરોપીને એક વર્ષની સજાનો હુકમ કરેલ હોય અને ફરીયાદીને ચેક મુજબની રકમ રૂપીયા એક લાખ રૂપિયા ચુકવવાનો હુકમ કરેલ.

### કેવડાપરા વિસ્તાર નજીકની ઘટના

# સાવરકુંડલામાં એલપીજી ગેસ લીકેજથી ભીષણ આગ, ૨ વ્યકિત સામાન્ય દાઝયા

### ફાયર બ્રિગેડની સમસરની કાર્યવાહીથી મોટી નુકસાની ટળી





સાવરકુંડલા, તા. ૧૨


સાવરકુંડલા શહેરના કેવડાપરા વિસ્તાર નજીક આવેલા દેવીપૂજક વાસમાં આજે એક દુઃખદ ઘટના બની હતી. અહીં રહેતા ગરીબ પરિવારના કિશોરભાઈ રાજુભાઈ જીપલોટના ઘરે ઈન્ડિયન ગેસનો બાટલો ચાલુ કરતી વખતે અચાનક લીકેજ થતા ભયંકર આગ લાગી ગઈ હતી. આ આગ એટલી વિકરાળ હતી કે ગણતરીની પળોમાં જ ઘર તેમજ ઘરમાં રાખેલો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની જવાળાઓ આસપાસના વિસ્તારમાં પણ ફેલાઈ જવાની ભીતિ સેવાઈ રહી હતી જેના કારણે સ્થાનિક લોકોમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આ દુર્ઘટનામાં કિશોરભાઈના પરિવારના બે સભ્યો હાથ અને પગના ભાગે સામાન્ય દાઝયા હતા તેઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી. આ ઘટનાની જાણ થતા જ વોર્ડ નંબર ૯ ના કાઉન્સિલર રમેશભાઈ ચૌહાણ અને અનિલભાઈ ગોહિલે તાત્કાલિક સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને જાણ કરી હતી. ત્વરિત કાર્યવાહી કરતા નગરપાલિકાના ફાયર બ્રિગેડના કર્મચારીઓ જયરાજભાઈ ખુમાણ, કૌશિકભાઈ તેમજ અજીતભાઈ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ફાયર બ્રિગેડની સમયસરની કાર્યવાહીને કારણે મોટી જાનહાનિ ટળી હતી. ફાયર સુપરવાઈઝર જયરાજભાઈએ તાત્કાલિક એરો ગેસ એજન્સીના માલિક બબાશેઠને આ ઘટના અંગે જાણ કરી હતી. જેના પગલે એરો ગેસ એજન્સીના કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચ્યા હતા અને લીકેજ થયેલો તેમજ અન્ય એક એમ કુલ બે ઈન્ડિયન ગેસના બાટલા કબ્જે લીધા હતા. ગેસ લીકેજનું ચોક્કસ કારણ જાણવા માટે એજન્સી દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ગેસ સિલિન્ડરની સલામતીને લઈને અનેક સવાલો ઉભા થયા છે. સદનસીબે આ ઘટનામાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી પરંતુ આગના કારણે કિશોરભાઈના પરિવારને ભારે આર્થિક નુકસાન થયું છે. આ ઘટનાની સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરવામાં આવી રહી છે અને જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### ઓલ્ડ પેન્શન સ્કીમ યોજના અંગે

# બાબરા તાલુકા પંચાયતની શિક્ષણ કચેરી દ્વારા યુધ્ધનાં ધોરણે કામગીરી પૂર્ણ કરાઈ

### ટીપીઓનાં માર્ગદર્શનતળે શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૨

બાબરામાં પાછળ થોડા સમયથી તાલુકા પંચાયતમાં આવેલ તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીની કચેરીમાં ઓલ્ડ પેંશન યોજનાની દરખાસ્તની કામગીરી પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી એસ.એ. કોટડીયાના માર્ગદર્શન કરવામાં આવી હતી. આ કામગીરીમાં શાળાના શિક્ષકો વજુભાઈ ગોવિંદિયા, વિપુલભાઈ ત્રિવેદી, વિરલભાઈ ડોબરીયા, લાલજીભાઈ કાલાવડીયા, બિપીનભાઈ વાણંદ, નિર્મળભાઈ ત્રિવેદી, અલ્પેશભાઈ દોમડીયા વગેરેએ દિન રાત ખુબ જ જહેમત ઉઠાવી ૧૧૦ જેટલાં શિક્ષકોની દરખાસ્તો ખુબ ચોકસાઈ પૂર્વક તૈયાર કરી સમગ્ર જિલ્લામાં બાબરા તાલુકાની દરખાસ્ત પ્રથમ ક્રમે રજૂ કરવામાં આવેલ છે.

### સમગ્ર પંથકમાં પુ. ભોજલરામ બાપાનો નાદ ગુંજી ઉઠયો

# લીલીયા મોટા ખાતે ભોજલરામ બાપાના પ્રાગટય દિવસની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

### ધારાસભ્ય કસવાલા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત રહ્યા ખાસ ઉપસ્થિત

લીલીયા, તા. ૧૨

લીલીયા મોટા લેઉઆ સમાજ વાડી ખાતે સંત શિરોમણી ભોજલરામ બાપાના ૨૪૦માં પ્રાગટય દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરાઈ ત્યારે સૌ પ્રથમ લીલીયાના સરપંચ જીવનભાઈ વોરાના પરિવાર તરફથી ભોજલરામ બાપાના મંદિર ખાતે કળશ પધરાવવામાં આવેલ આ કળશ પધરાવવામાં લેઉઆ પટેલ સમાજના આગેવાનો અને જીલ્લા કોગેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત વિશેષ ઉપસ્થિત રહેલ કળશ પધરામણી કરી ભોજલરામ બાપાની વિધિવત સમૂહ આરતી અને પૂજા કરવામાં આવેલ. સાથે



સાથે પટેલ વાડી ખાતે બ્લડ ડોનેટ કેમ્પનું પણ આયોજન સમાજ ધ્વારા કરવામાં આવેલ ત્યારબાદ લેઉઆ પટેલ સમાજની વાડી ખાતે સમૂહ પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે વિસ્તારના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, ભાજપ અગ્રણી ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, ચતુરભાઈ કાકડીયા, ડો. કુંભાણી, ભરતભાઈ ઠુંમર, વિજય ભાલાળા, ઘનશ્યામ મેઘાણી તથા સમાજના યુવાનો માતાઓ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

# જાફરાબાદ : ભરચક બંદર ચોક વિસ્તારમાં રાત્રિનાં સમયે અંધારપટ્ટ છવાયો

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ ભરચક્ક વિસ્તારમાં રાત્રીના સમયે અંધારપટ છવાયો અહીં પાલિકા દ્વારા હાઈમસ ટાવર લગાડવામાં આવ્યો હતો તે હાઈમસ ટાવર તેઉકે વાવાઝોડા દરમિયાન પડી જતા ટુટી ગયો હતો ત્યારથી આજદિન સુધી બંદર ચોકમાં રાત્રીના સમયે અંધારપટ છવાયેલો રહેતો હોવાથી રાત્રીના સમયે અકસ્માત થવાની શક્યતા વધી ગઈ છે. કારણકે અહીં બંદર ચોકમાં જુનું બસસ્ટેશન પોઈન્ટ હોવાથી અહીં રાત્રીના મુસાફર જનતા ની પણ અવરજવર રહેતી હોય અહીં બસોને અંધારપટ હોવાથી વળાંક લેવામાં અકસ્માત સર્જાયા તેવી સ્થિતિ છે. રાત્રીના સમયે ઓછા અજવાળાથી વાહન ચાલકો પરેશાન અહીં બંદર ચોકમાં જયારે હાઈમસ ટાવર લગાડવામાં આવ્યો ત્યારે અહીં બાજુમાં આવેલ જેટી સુધી અજવાળું રહેતું હતું પરંતુ જયારથી હાઈમસ ટાવર ન હોવાથી રાત્રીના સમયે અંધારપટ છવાયેલો રહેતો હોય છે. અહીં મેરીટાઈ બોર્ડ ની કચેરી તથા જેટી પણ આવેલ હોય રાત્રીના સમયે જેટી એથી રાત મધરાતે ખલાસીઓ બોટમાં થી ઉતરતા આ છવાયેલો અંધારપટના કારણે જેટીની નીચે પડી જાય તેવું અંધારપટ હોય પરંતુ જવાબદાર પાલિકાના ધ્યાન ઉપર ક્યારે આવશે તેઉકે વાવાઝોડા દરમિયાન પડેલા હાઈમસ ટાવર લગાડવા માટે પાલિકા દ્વારા ક્યારે તસ્દી લેવામાં આવશે અહીં રાત્રીના સમયે અંધારપટ છવાઈ જતાં અહીં આવતા



મુસાફરો પણ ભયભીત થઈ જતાં હોય છે. તો આ અંધારપટથી બસોને પણ અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી છે. આ અંધકાર થી કોઈ અનિચ્છનિય ઘટના ઘટે તો જવાબદારી કોની..?? આ બાબત પાલિકા દ્વારા ગંભીરતા લેવામાં આવશે..?? કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે આ ગંભીરતા પ્રયાને લઈ પાલિકા દ્વારા હાઈમસ ટાવર ફીટ કરાવવું જરૂરી બન્યું છે. કારણકે અહીં થી સરકારી બસો વાહનો આવજા કરતા હોય અહીં રાત્રીના સમયે મુસાફર જનતા પણ અવરજવર રહેતી હોય તેમાં પણ તકલીફ ન પડે તે માટે તુરંત કામગીરી હાથ ધરવામાં આવે રાત્રે ઓછા અજવાળાથી વાહન ચાલકો રાહદારીઓ અને તથા અકસ્માતો ના સર્જાઈ તે માટે પાલિકા કુંભકર્ણ નિંદ્રામાં સુતેલી જોગે અને નાગરિકોને પડતી હાલાકી દૂર કરવામાં આવે તેવી માંગ રાહદારીઓ તથા વાહન ચાલકો અને મુસાફર જનતામાંથી ઉઠી રહી છે.

# ચલાલા : કુ. પ્રિયાંશીએ ધો. ૧૨ સાયન્સમાં ૯૯.૮૭ ટકા માર્કસ મેળવ્યા

ચલાલા, તા. ૧૨

ચલાલામા રહેતા નીલા બહેન આશિષભાઈ ધંધુકીયાની સુપુત્રી કુ.પ્રિયાંશીએ ધો.૧૨ સાયન્સમાં બી ગ્રુપમાં ૯૯.૮૭ પર્સન્ટાઈલ ટકા માર્કસ મેળવી ઝળહળતી સીધ્ધી પ્રાપ્ત કરી ચલાલા શહેર અને સમસ્ત વાટલીયા પ્રજાપ્રતિ સમાજનું ગૌરવ વધારતા ચલાલા ગાયત્રી સંસ્કાર ધામના વડા પૂજય ડો. રતિદાદા મહેતાએ શુભ આશિષ પાઠવેલ છે. તેમજ ચલાલા–મીઠાપુર કડીયા ક્ષત્રિય સમાજના પ્રમુખ ધીરૂભાઈ સોંડીગલા અને વાટલીયા પ્રજાપતિ સમાજના પ્રમુખ જીતુભાઈ સરવૈયા, અમરેલી જીલ્લા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, ચલાલા નગર પાલીકાના પુર્વ પ્રમુખ હિંમતભાઈ દોંગા, ગીતાબેન કારીયા, પુર્વ ઉપપ્રમુખ જયરાજભાઈ વાળા, પ્રવીણભાઈ



ધંધુકીયા, વેપારી અગ્રણી પ્રકાશભાઈ કારીયા, પુર્વ સદસ્ય અશોકભાઈ કાથરોટીયા સહીતના આગેવાનો અને શિક્ષણ સમુદાયે કુ. પ્રિયાંશીને અંભિનંદન સહ શુભકામનાઓ પાઠવેલ છે.

# લાઠી : હોમગાર્ડ જવાનને પ્રમોશન મળતાં શુભેચ્છા પાઠવાઈ



દામનગર, તા. ૧૨

લાઠી શહેરમાં હોમગાર્ડ યુનિટમાં ફરજ બજાવતા ત્રણ માનદ સેવકોને પ્રમોશન મળતા ઠેર ઠેરથી શુભેચ્છા વરસાવતા પરિચિતો સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓ લાઠી હોમગાર્ડ યુનિટના ગૌરવવંતા માનદ સેવક અધિકારી પી.સી. આર કે ચૌહાણ, પી.સી. એચ એચ સિંગલ, પી.સી. એચસી કાટિયા જેઓ લાઠી યુનિટમાં હર હંમેશા આગળ વધારીને લાઠી યુનિટને માન સન્માન ગૌરવ અપાવેલ છે ખાખીની હાજરી જ સૌથી મોટો સુરક્ષાનો સદેશ છે પુરા અદબથી સમય બદ્ધતા સાથે માનદ સેવા આપતા ત્રણેય હોમગાર્ડ યુનિટના હોદેદારોની સેવાની સુપેરે નોંધ લેવાય છે જે સમગ્ર લાઠી માટે ગર્વ કહી શકાય લાઠી હોમગાર્ડ યુનિટની સેવા બદલ વિશિષ્ટ પ્રમોશન બદલ ઠેર ઠેરથી શુભેચ્છા પાઠવતા શહેરીજનો.

# અમરેલી ખાતે નરેન્દ્ર મોદી વિચાર મંચ આઈ.ટી. સેલની બેઠક મળી

અમરેલી, તા.૧૨

સરકારની વિવિધ યોજનાઓને છેવાડાના લાભાર્થી સુધી પહોચાડવા સાથે રાષ્ટ્રભાવના–જનસેવાના ઉદેશ સાથે કામ કરતો મંચ એટલે ''નરેન્દ્ર મોદી વિચાર મંચ'' આઈ.ટી.સેલના પ્રદેશ અધ્યક્ષ હિતેશગીરી ગોસ્વામીની સૂચનાથી અમરેલી જીલ્લા આઈ.ટી.સેલની બેઠક મળી હતી. જેમા સરકારની યોજનાઓથી વધુમાં વધુ લોકો લાભાન્વિત થાય તેવા પ્રયત્નો કરવા અને આગામી કાર્યકમો અંગે વિચાર વિમર્શ કરવામાં આવેલ.

આ મીટીગમા આવનાર દિવસોમાં ''નરેન્દ્ર મોદી વિચાર મંચ'' આઈ.ટી.સેલમાં નવી નિમણુંકો આપવાનું તેમજ જીલ્લા ટીમ અને શહેર ટીમમાં નિમણૂકો આપવી અને હોદામા ફેરબદલી કરવાનું જીલ્લા અધ્યક્ષ વિપુલ દવેએ નક્કી કરેલ છે. જેમા નરેન્દ્ર મોદી વિચાર મંચ મુખ્ય શાખાના પ્રદેશ મંત્રી મનિષભાઈ સીધ્ધપરાએ શુભેચ્છા પાઠવેલ છે. આ બેઠકમાં આઈ.ટી. સેલના પ્રદેશ સદસ્ય રાદિપ ધાધલ, ગૌરવ મહેતા, કૌશલભાઈ ત્રિવેદી, યશ દવે, ચિરાગ સાદરાણી, કુકાવાવના આઈ.ટી.સેલના મહામંત્રી કમલેશભાઈ ભુટક સહિતના મંચના આગેવાનો ઉપસ્થિત રહયા હતા. તેમ સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### તાર ફેન્સીંગમાં ઈલેક્ટ્રીક કરંટ પસાર કરી

# અમરેલીમાં ગૌશાળામાં માનવ મોતની ઘટનામાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

### એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી

અમરેલી, તા.૧૨

વિગત એવા પ્રકારની છે કે, તા.૨/૧/૨૦૨૩ ના રોજ સવારે નવેક વાગ્યે આ કામના ફરીયાદી મસાભાઈ ભીખાભાઈ મેવાડા તેમના પિતા ભીખાભાઈ મેવાડા સાથે તેમની ગાયો ભેંસો લઈને જુના ભુતીયા ગામની સીમમાં ચરાવવા માટે ગયેલ હતા અને બપોર પછી આશરે સાડા ત્રણેક વાગ્યે દિલીપભાઈ પરીખની ગૌશાળાની બાજુમાં આવેલ પડતર જગ્યામાં તેઓ માલઢોર ચારવા હતા તે સમયે આ ગૌશાળાની પાછળનાં ભાગે તાર ફેન્સીંગ કરવામાં આવેલ હતી તે તાર ફેન્સીંગ કરેલા તારથી લાકડી મારીને દુર કરેલા હતા અને ત્યારબાદ તમેના પિતાની હાલત જોતા તેઓ હલનચલન કરતા ન હતા અને તે સમયે આજુબાજુમાંથી માલધારીઓ આવી ગયેલા અને ૧૦૮ આવી જતા ગુજરનારને હોસ્પિટલે લઈ ગયેલ હતા. ત્યાં ડોકટરએ તેમની ચામડી બળી ગયેલ હોય અને તેઓ ખુબ દાઝી ગયેલ હોય તેઓને ઈલેકટ્રીક પાવરનાં શોટ લાગવાથી મોત થયેલ છે તેવું જાહેર કરેલ હતું.

આમ આ સમયે દિલીપભાઈ પરીખની ગૌશાળા પાછળ આવેલ જમીનની વાયર ફેન્સીંગમાં ઈલેકટ્રીક કરંટ આપવામાં આવેલ હોય તે કારણે ગુજરનારનું મોત થયેલ હોય તે અંગેની ફરીયાદ આપવામાં આવેલ હતી. જે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનમાં





આઈ.પી.સી. કલમ–૩૦૪, ૧૧૪ વિ.મુજબનો ગુન્હો નોંધવામાં આવેલો અને ત્યારબાદ પોલીસે આ ફરીયાદના અનુસંધાને સઘન તપાસ કરીને આ કામના આરોપી કીશનભાઈ વેલજીભાઈ બુટીયા, રાજુભાઈ મનજીભાઈ ગોહીલ, કાનજીભાઈ જીવરાજભાઈ શેલડીયા સામે ચાર્જશીટ કરેલ હતી અને જે તે સમયે આ કામના આરોપીઓને ખોટી રીતે આ ગુન્હાના કામે સંડોવી દીધેલો હોય જેથી સગર સમજ તથા અન્ય સમાજ તરફથી જુદી જુદી મીટીંગોનું આયોજન કરવામાં આવેલ હતું અને ત્યારબાદ ખુબ જ મોટી સંખ્યામાં રેલી કાઢીને કલેકટરને આ બાબતે આવેદનપત્ર પણ આપવામાં આવેલ હતું અને જેથી આ બનાવને રાજકીય રંગ પણ લાગેલ હતો.

ત્યારબાદ આ કામે અમરેલીનાં સેસન્સ જજ સાહેબ સમક્ષ આ કેસ શરૂ થયેલ હતો. આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે ફરીયાદી તથા ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતો, તેમજ આ કામે એફ.એસ.એલ. અધિકારીને તથા જી.ઈ.બી.નાં કર્મચારી તથા ડોકટરને પણ તપાસવામાં આવેલ હતા. આ કામે સમગ્ર કેસ ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરતા પ્રયત્નો કરવા છતા આ કામનાં આરોપી કીશનભાઈ વેલજીભાઈ બુટીયા, રાજુભાઈ મનજીભાઈ ગોહીલ, કાનજીભાઈ જીવરાજભાઈ શેલડીયા સામે સાબીત કરી શકેલ ન હોય આ કામના તમામ આરોપીઓને અમરેલીના ડીસ્ટ્રીકટ એન્ડ સેન્સ જજ શ્રી આર.વી. બુખારી મેડમે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી કીશનભાઈ વેલજીભાઈ બુટીયા, રાજુભાઈ મનજીભાઈ ગોહીલ, કાનજીભાઈ જીવરાજભાઈ શેલડીયા તરફે અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા.

### તાજેતરમાં લેવાયેલ ધો. ૧૦ની પરીક્ષામાં

# ચિત્તલ–જસવંતગઢનાં શિવમ વિદ્યા સંકુલનો દબદબો

### ધો. ૧૨ માં પણ વિદ્યાર્થીઓનો એ–૧ ગ્રેડમાં સપાટો







ચિત્તલ, તા. ૧૨

ચિત્તલ તાજેતરમાં એસ.એસ.સી.ની રાજયમાંથી આશરે સાડા સાત લાખ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપેલ હતી. જેમાંથી નાના એવા ચિત્તલ જસવંતગઢ ગામની શિવમ વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ સમગ્ર રાજયમાં ૧ થી ૧૦ નંબરમાં ત્રીજો નંબર, પાંચમો નંબર અને સાતમા નંબરે ઉર્તીણ થાય છે. તે જ વિદ્યાર્થીઓએ અમરેલી જિલ્લામાં પણ પેલો, બીજો અને ત્રિજો ક્રમ જાળવી રાખી. સમગ્ર ગામ તથા જીલ્લા તેમજ શાળાનું ગૌરવ વધારતા શિવમ વિદ્યાસંકુલના આચાર્ય રમેશભાઈના ૮૭માંથી ૨૫–નં એ૧ ગ્રેડ આવતા દરેકને ૨૫ હજાર પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરેલા. આવી ઝળહળતી સફળતા બદલ શિવમ વિદ્યા સંકુલના મેનેજમેન્ટ તેમજ શિક્ષકગણની મહેનત બદલ દરેક વાલીઓ તેમજ શિક્ષણપ્રેમીમા આનંદની લાગણી ઉઠી છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલાની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

## સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને આધારે

# એલસીબી પોલીસ કર્મચારીનાં હત્યાકેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

**આજથી ૯ વર્ષ પહેલા ઉના પંથકમાં બનેલ ઘટનાને લઈને અમરેલીમાં આંદોલન શરૂ થયું હતું**

**અનુ.જાતિ સમાજ દ્વારા ઘટનાને લઈને જંગી રેલીનું પણ આયોજન થયું હતું**


**એકાએક તોફાની બનેલ ટોળાએ ફરજ પરનાં પોલીસકર્મી પર હુમલો કરતાં હત્યાની ઘટનાની ફરિયાદ નોંધાયેલ**

**અમરેલીનાં એડીશ્નલ સેશન્સ જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવ સાહેબે આરોપીઓને નિર્દોષ છોડી મુકવા આદેશ કર્યો**

અમરેલી, તા. ૧૨

અમરેલીના પોલીસ બેડામાં તેમજ સમગ્ર જિલ્લામાં ખુબ જ ચકચારી બનેલા એલ.સી.બી.ના પોલીસ કર્મચારીના ખુન કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.





આ બનાવની વિગતો જોવામાં આવે તો ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના મોટા સમઢીયાળા ગામના દલીત સમાજના યુવકો ઉપર ગૌરક્ષકો ધ્વારા દલીત સમાજ પર અત્યાચાર આચરવામાં આવેલ અને દલીત સમાજ પર અત્યાચાર આચરવામાં આવતા સમગ્ર ગુજરાત રાજયમાં તથા ગુજરાત રાજયના મુખ્ય શહેરોમાં દલીત સમાજના આંદોલનના ભાગરૂપે રેલી કાઢવામાં આવેલી જુદા જુદા શહેરોમાં આવેદનપત્રો આપવામાં આવેલા અને તેવી જ રીતે દલીત સમાજે એક રેલીનું આયોજન નવચેતનભાઈ પરમારની આગેવાની નીચે અમરેલી શહેરમાં રાજકમલ ચોકથી પો.સ્ટે. થઈ ટાવર ચોકથી કાશ્મીરા ચોકથી લાઈબ્રેરી રોડથી કલેકટર કચેરી જઈ આવેદનપત્રો આપવા માટેની રેલી કાઢવા માટેની પરવાનગી લેવામાં આવેલી હતી.

જે અનુસંધાને તા. ૧૯/૬/૨૦૧૬ ના રોજ સવારે ૯:૩૦ કલાકે એડવોકેટ નવચેતનભાઈ પી. પરમારની આગેવાનીમાં હેઠળ પ્રથમ આશરે અમરેલીના ૧૫૦ જેટલા દલીત સમાજના લોકો ભેગા થયેલ હતા અને નવચેતનભાઈએ પ્રાથમીક પ્રવચન આપેલ હતું. ત્યાંથી આ રેલી રાજમહેલ કમ્પાઉન્ડથી ત્યાંથી આ રેલીમાં રાજમહેલ કમ્પાઉન્ડમાં ટ્રક તથા અન્ય વાહનોમાં સાવરકુંડલા, રાજુલા, ચલાલા તથા અમરેલી જિલ્લાના લોકો ઉમેરાતા આશરે ૭૦૦ થી ૮૦૦ જેટલા લોકો જેમાં પુરૂષો તથા મહીલાઓ આ રેલીમાં જોડાયેલા હતા અને આ ટોળા મારફતે એસ.ટી. બસને નુકશાન કરતા આ રેલી પૈકીના આગેવાન કાંતિભાઈ મુળજીભાઈ વાળા તથા નવચેતનભાઈ પરમાર એડવોકેટે તથા બીજા ઈસમોએ ટોળાની ઉશ્કેરણી કરી આપણા સમાજ સાથે ખુબ જ અન્યાય થયેલ છે. હવે અન્યાય સહન નહીં થાય, પોલીસથી કોઈને ડરવાની જરૂર નથી. જો પોલીસ પણ આપણી વચ્ચે આવશે તો તેને પણ છોડવા નહીં અને આ સરઘરે રૂટ બદલી ચિતલ રોડ ઉપર આગળ જઈ ગેરકાયદેસર મંડળીમાં રૂપાંતરીત થઈ તોફાની ટોળુ બનાવી રોડ ઉપરથી પસાર થતી એસ.ટી. બસ તથા સાઈન બોર્ડ તથા આજુબાજુ રસ્તા પરના મકાન તેમજ દુકાન પર પથ્થર મારો કરી નુકશાન કરવા લાગેલ. અને તેવી રીતે અમરેલી શહેરમાં ચિતલ રોડ ઉપર ભયનું વાતાવરણ ફેલાવેલ હતું. જેથી આ કામે એકઝીકયુટીવ મેજી.ની મંજુરી લઈ ટીયર ગેસના સેલ પણ છોડવામાં આવેલ. તેમ છતા આ બેકાબુ ટોળુ કંટ્રોલમાં આવેલ નહીં અને આ તોફાની ટોળાએ પથ્થર મારો ચાલુ કરેલો તે વખતે ચિતલ રોડ પર જલારામ સુઝુકી શો–રૂમ સામે આ ટોળુ પહોંચતા જે તે સમયે એલ.સી.બી.માં ફરજ બજાવતા હેડ કોન્સ. પંકજભાઈ અમરેલીયા બાજુમાં આવતા તેમનું મોત નિપજાવવાના ઈરાદાથી આ કામના આરોપીઓએ તેમના હાથમાં રહેલ પથ્થર વડે માથાના આગળના ભાગે માર મારતા પંકજભાઈ પડી ગયેલ હતા. ત્યારબાદ આ કામના આરોપીઓએ તેમના મોઢા પર આડેધડ માર મારી જીવલેણ ઈજા કરેલ હોય જેથી એલ.સી.બી. સ્ટાફના અધિકારીઓ તથા પોલીસના કર્મચારીઓ પંકજભાઈને બચાવવા માટે તાત્કાલીક સ્થળ પરથી હટાવી લીધેલા અને ત્યાંથી એમ્બ્યુલન્સમાં લઈ જઈને સૌપ્રથમ ડોકટર હાઉસમાં લઈ ગયેલ હતા અને ત્યારબાદ સીવીલ હોસ્પીટલ અમરેલીમાં લઈ જવામાં આવેલ હતા. ત્યાંથી તેઓને રાજકોટ રીફર કરવામાં આવેલ હતા. ત્યારબાદ પંકજભાઈ અમરેલીયાનું અવસાન થતા તેઓનું લાશનું પોસ્ટમોર્ટમ કરવામાં આવેલ હતું અને આ દરમિયાન અમરેલી સીટીના ઈન્ચ. પો.ઈન્સ. એચ.એમ. રામાવતે (૧) કાંતિભાઈ મુળજીભાઈ વાળા, રે. સાવરકુંડલા, (૨) નવચેતનભાઈ ડી. પરમાર(એડવોકેટ), (૩) અનિલભાઈ કિશોરભાઈ દાફડા, (૪) જીતુભાઈ ડાયાભાઈ ચાવાડ, (૫) રાજુભાઈ પીઠાભાઈ મહીડા, (૬) મગનભાઈ ખીમજીભાઈ રાઠોડ, (૭) રોહીતભાઈ અરજણભાઈ પટ્ટણી, (૮) મધુભાઈ ભીમજીભાઈ ચાવડા, (૯) હસુભાઈ ભીમજીભાઈ ચાવડા (૧૦) રીપલભાઈ પ્રમોદભાઈ પરમાર (૧૧) સાગરભાઈ જીવરાજભાઈ પરમાર (૧૨) રજનીભાઈ મકવાણા (૧૩) પ્રકાશભાઈ નાનજીભાઈ ચાવડા, (૧૪) ગોપાલભાઈ મનુભાઈ ચૌહાણ (૧૫) કરશનભાઈ રાઠોડ (૧૬) પ્રવિણભાઈ સોલંકી, વિ. તથા ટોળાના માણસો સામે પોલીસના જવાનોને પથ્થરથી નાની મોટી ઈજા કરવા બદલ તથા સરકારી એસ.ટી.ની મિલ્કતને તથા ખાનગી પ્રજાજનોની મિલ્કતને નુકશાન કરેલ હોય તેમના વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ – ૩૦૭, ૩૩૨, ૩૩૩, ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪ તથા ધી પ્રિવેન્શન ઓફ ડેમેઝીશ ઓફ પબ્લીક પ્રોપટી એકટની કલમ–૩ (૨) મુજબની ફરીયાદ આપેલી હતી.

ત્યારબાદ એલ.સી.બી. અમરેલીમાં ફરજ બજાવતા હેડ કોન્સ. પંકજભાઈ અમરેલીયાનું અવસાન થતા આ કામે પોલીસ તરફથી કલમ – ૩૦૨નો ઉમેરો કરવાની અરજી આપવામાં આવેલી હતી.

ત્યારબાદ આ કામે પોલીસ તરફથી આ કામે અવસાન પામનાર પોલીસના કર્મચારી હોય અને જે તે સમયે તેઓ ફરજ પર હોય અને આ તોફાની ટોળાએ ઘણા પોલીસ કર્મચારીઓ જેમાં પોલીસ ઈન્સપેકટર, પોલીસ સબ ઈન્સપેકટર ગોજીયા તથા જે તે સમયના એસ.પી.ને પણ ઈજાઓ પહોંચાડેલી હોય જેથી પોલીસે આ કામે ખુબ જ તલસ્પર્શી તપાસ કરેલ હતી.

અને ત્યારબાદ આ કામે હાલના આરોપીઓ સામે ચાર્જશીટ કરવામાં આવેલ હતી અને ત્યારબાદ અમુક આરોપીઓ સામે પુરવણી ચાર્જશીટ પણ કરવામાં આવેલ હતી. હાલના આરોપીઓ (૧) રમેશભાઈ ભગાભાઈ બાબરીયા, (૨) રમેશભાઈ રાઘવભાઈ વિંઝુડા, (૩) નારણભાઈ કરશનભાઈ વણજારા, (૪) શૈલેષભાઈ ખોડાભાઈ વાળા, (૫) ભાનુબેન વા/ઓ હરીભાઈ વણજારા (૬) મંજુલાબેન ભીમજીભાઈ વણજારા (૭) કાંતિભાઈ મુળજીભાઈ વણજારા, (૮) નવચેતનભાઈ દીપકભાઈ પરમાર (૯) જીતુભાઈ ડાયાભાઈ ચાવડા અને (૧૦) રીપલભાઈ પ્રમોદભાઈ ચાવડા વિરૂધ્ધ આઈ.પી.સી. કલમ – ૩૦૨, ૩૩૨, ૩૩૩, ૪૨૭, ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૫૦૪ તથા ધી પ્રિવેન્શન ઓફ ડેમેઝીશ ઓફ પબ્લીક પ્રોપર્ટી એકટની કલમ–૩ (૨) મુજબનું ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

આ ચાર્જશીટમાં પોલીસે કુલ ૧૫૬ સાહેદો દર્શાવેલા હતા જેમાં ૭૪ સરકારી સાહેદો હતા, ૭ ડોકટર સાહેદો હતા, ૩ ટ્રાફીક બ્રીગેડના સાહેદો હતા અને ૫૧ પોલીસ સાહેદો હતા. આ કામે જે તે સમયે ગુન્હાની ગંભીરતા ધ્યાને લઈ અને બનાવમાં જે તે સમયના એલ.સી.બી.માં ફરજ બજાવતા હેડ કોન્સ.નું ખુન થયેલ હોય સરકારે આ બાબતે સ્પે. સરકારી વકીલની નિમણુંક સરકાર તરફે કરેલ હતી.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે કુલ ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, જેમાં પોલીસ અધિકારી તથા નકશો બનાવનાર સરકારી સાહેદ તથા પી.જી.વી.સી.એલ.ના અધિકારી તથા તોલમાપ અધિકારી તથા ફોટોગ્રાફર / વિડીયોગ્રાફર તથા મામલતદાર તથા સ્થળ તપાસ કરનાર એફ.એસ.એલ. અધિકારીને આ કામે બચાવપક્ષે ફરીયાદીનો કેસ સાબીત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

તેમજ આ કામે ઉપરોકત સાક્ષીઓની જુબાનીમાં વિડીયોગ્રાફીની ડી.વી.ડી. તથા એફ.એસ.એલ. અધિકારીનો સ્થળ તપાસણીનો રીપોર્ટ આ કામે ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા માટે રજુ કરેલ હતા.

આ કામે સમગ્ર કેસ ચાલી જતા આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. આ સંજોગો ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ આરોપી પક્ષ તરફે સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તરફથી રજુ કરવામાં આવેલા તેની હકીકત કાયદાની જોગવાઈઓની જે વિષદ છણાવટ કરેલી તેની હકીકત ધ્યાને લઈ આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીઓને એડી. સેશન્સ જજ ડી.એસ. વાસ્તવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી નં. ૧ થી ૭ તરફે એડવોકેટ એફ.વાય. મુસાણી રોકાયેલા હતા તથા આરોપી નં. ૮ નવચેતનભાઈ ડી. પરમાર (એડવોકેટ) તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા આરોપી નં. ૯ તથા ૧૦ તરફે એન.એન. ભટ્ટ રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલો તથા ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના ચુકાદાઓને ધ્યાને લઈ આ કામના તમામ આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ નામદાર કોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે.

---

## એસપીની સુચનાથી એસઓજીની કાર્યવાહી

# અમરેલીમાંથી ગાવડકાનાં યુવકનાં કબ્જામાંથી સુકો ગાંજો ઝડપાયો

**જસદણ ખાતેથી ગાંજો મંગાવાયો હોવાનું ખુલ્યું**

અમરેલી, તા. ૧૨

અમરેલીના હનુમાનપરા મેઈન રોડ ઉપર આવેલ પાઠક સ્કુલની બાજુમાં શિવલીલા સોસાયટી ''એ'' શેરીમાં રહેતા અને મુળ અમરેલી તાલુકાના ગાવડકા ગામના વતની ગૌરાંગભાઈ રણછોડભાઈ જોષી નામના ૨૬ વર્ષિય યુવકે ગેરકાયદેસર રીતે નશાકારક માદક પદાર્થ સુકા ગાંજો ચોખ્ખુ વજન ૧ કિલો અને ૩૯૪ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧૩,૯૪૦નો નાર્કોટીકસ પદાર્થનો જથ્થો વગર પાસ પરમીટે પોતાના કબ્જામાં વેંચાણ કરવા સારૂ રાખેલ હોય. આ અંગે અમરેલી એસ.ઓ.જી. પોલીસને બાતમી મળતાં દરોડો પાડી આરોપીને ઝડપી લઈ પુછપરછ હાથ ધરતાં આ મુદામાલ



આરોપીએ રાજકોટના જસદણ ગામે રહેતા અરવીંદકુમાર પાસેથી ખરીદી કરેલ હોવાનું જણાવતા આરોપી ગૌરાંગભાઈ રણછોડભાઈ જોષી પાસેથી સુકા ગાંજો કિંમત રૂ. ૧૩,૯૪૦ તથા એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિંમત રૂ. ૫,૦૦૦ તથા એક મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બીએફ–૪૫૮૮ કિંમત રૂ. ૩૦,૦૦૦ મળી કુલ રૂ. ૪૮,૯૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બંને આરોપી સામે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

---

## મીડિયા જગતમાં અહેવાલ પ્રસિધ્ધ થતા

# જાફરાબાદનાં નવા બનેલ બ્રિજનાં ખાડાની મરામત કરાઈ

**શહેરીજનો અને વાહન ચાલકોમાં રાહતની લાગણી**

જાફરાબાદ, તા. ૧૨

જાફરાબાદ ખાતે આવેલ નવા બ્રિજ ઉપર પડેલા ખાડા ખાબોચિયાના લીધે અકસ્માત સર્જાય તેવી હાલતમાં હોવાથી અને રાહદારીઓ ટુ વ્હીલર ફોર વ્હીલર ચાલકો તથા મહાકાય વાહનોની સતત અવરજવર રહેતી હોય તેમજ આ નવા બ્રિજ ઉપરથી



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં મહિલાઓ પગપાળા અહીંથી પસાર થતા હોવાથી આ નવા બ્રિજ ઉપર પડેલા ખાડા ખાબોચિયાના કારણે કોઈ મોટી દુર્ઘટના કે કોઈ અકસ્માત ન સર્જાય તેને લઈને નવા બ્રિજ ઉપર પડેલા ખાડા ખાબોચિયાના સમાચાર અખબારમાં પ્રસિદ્ધ કરવામાં આવતાની સાથે પી.ડબલ્યુ.ડી. દ્વારા આજરોજ તા.૧૦/૫/૨૦૨૫ના રોજ પુરી દેવામાં આવ્યા છે. વરસાદના લીધે બંને સાઈડ ઉપર ભરાઈ રહેતા પાણીના નિકાલ માટે બુરાઈ ગયેલા ઓલ ખોલવામાં આવ્યા છે. અહીં આવેલ જુનો પુલ જર્જરિત હોવાથી બંધ કરી દેવાતા નવા પુલ ઉપરથી મોટી સંખ્યામાં રાહદારીઓ તથા વિદ્યાર્થીઓ પગપાળા અહીંથી પસાર થઈ રહ્યા હોય અને મહાકાય વાહનો ટુ વ્હીલર ફોર વ્હીલર ચાલકો આ નવા બ્રિજ ઉપરથી પસાર થતા હોય છે. નવા બ્રિજની બંને બાજુ ખાડા ખાબોચિયા હોવાથી વરસાદી પાણી ભરાઈ રહેતા હોવાને કારણે અકસ્માત થવાની ભીતી સેવાઈ રહી હતી. આ નવા બ્રિજ ઉપર નાના મોટા અકસ્માતોના બનાવ પણ બન્યા હોય આ બાબતે અખબારમાં પ્રેસ પ્રસિદ્ધ થતા પી. ડબલ્યુ. ડી. દ્વારા યુદ્ધના ધોરણે પડેલા ખાડા ખાબોચિયા બુરી દેવામાં આવ્યા છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ડ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ▪ કેળા વેફર્સ ▪ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ ▪ મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫









### આતંકવાદ સામેની આપણી લડાઈ ચાલુ છે : એર માર્શલ એકે ભારતી

# પાકિસ્તાની આર્મીએ આતંકીઓનો સાથ આપ્યો : સેનાનો ખુલાસો

### એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "૭ મેના રોજ અમે આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા : અમે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ડ્રોનને તોડી પાડ્યા

નવી દિલ્હી, તા.૧૨

ભારતની ત્રણેય સેનાઓના ડીજીએમઓની પ્રેસ બ્રીફિંગ શરૂ થઈ હતી. જેમાં ઓપરેશન સિંદૂર વિશે વધુ વિગતવાર માહિતી આપવામાં આવી હતી. એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "પાકિસ્તાનની સેનાએ આતંકવાદીઓનો સાથ આપ્યો. આતંકવાદ સામેની આપણી લડાઈ ચાલુ છે."

એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "૭ મેના રોજ અમે આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા. અમે પાકિસ્તાન દ્વારા મોકલવામાં આવેલા ડ્રોનને તોડી પાડ્યા." એર માર્શલ એકે ભારતીએ વધુમાં જણાવ્યું હતું કે પાકિસ્તાની સેના આતંકવાદ સામેની લડાઈને પોતાની લડાઈ માને છે. આપણા હવાઈ સંરક્ષણમાં પ્રવેશ કરવો અશક્ય છે. સેનાએ કહ્યું કે અમે પાકિસ્તાનના PL-15 ને તોડી પાડ્યું. લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ કહ્યું કે પાકિસ્તાનના પાપનો ઘડો ભરાઈ ગયો છે.

ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ વિશે બોલતા, એર માર્શલ એકે ભારતીએ કહ્યું, "આપણી એર ડિફેન્સ સિસ્ટમ સમયની કસોટી પર ખરી ઉતરી છે અને પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે. બીજી એક ખાસ વાત સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ આકાશ સિસ્ટમનું શાનદાર પ્રદર્શન છે. છેલ્લા દાયકામાં ભારત સરકાર તરફથી મળેલા બજેટ અને નીતિગત સમર્થનને કારણે જ શક્તિશાળી છઠ્ઠ વાતાવરણનું નિર્માણ અને સંચાલન શક્ય બન્યું છે." એર માર્શલ એકે ભારતીએ ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેના દ્વારા સાધવામાં આવેલા લક્ષ્યોના ફોટોગ્રાફ્સ પણ રજૂ કર્યા હતા

ભારતીય સેનાના અધિકારીઓએ કહ્યું, "અમે એ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે અમારા બધા લશ્કરી થાણા અને હવાઈ મથકો સંપૂર્ણપણે સલામત અને કાર્યરત છે. તેઓ આગામી મિશન માટે તૈયાર છે." ભારતીય સેનાના ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં આતંકવાદી પ્રવૃત્તિઓનું સ્વરૂપ બદલાઈ ગયું છે. નિર્દોષ નાગરિકો પર હુમલા થઈ રહ્યા છે. પહેલગામ સુધીમાં આ પાપનો ઘડો ભરાઈ ગયો છે. તેમણે કહ્યું, "આપણે ઓપરેશન સિંદૂરની હવાઈ સંરક્ષણ કાર્યવાહીને એક સંદર્ભમાં સમજવાની જરૂર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, આતંકવાદી પ્રવૃત્તિઓનું સ્વરૂપ બદલાઈ રહ્યું હતું, હવે આપણી સેનાની સાથે નિર્દોષ લોકો પર પણ હુમલા થઈ રહ્યા હતા. ૨૦૨૪ માં શિવખોડી મંદિર જતા યાત્રાળુઓ અને આ વર્ષે એપ્રિલમાં પહેલગામમાં નિર્દોષ પ્રવાસીઓ. પહેલગામ દ્વારા તેમના પાપનો ઘડો ભરાઈ ગયો હતો કારણ કે આતંકવાદીઓ પર અમારા ચોક્કસ હુમલાઓ LOC અને IB પાર કર્યા વિના કરવામાં આવ્યા હતા, અમને સંપૂર્ણ આશંકા હતી કે પાકિસ્તાનનો હુમલો પણ સરહદ પારથી આવશે, તેથી અમે હવાઈ સંરક્ષણ માટે તૈયારી કરી હતી.

### ઓપરેશન સિંદૂર બાદ બોલ્યા વડાપ્રધાન મોદી

# દેશે સંયમ અને શૌર્ય જોયા, પરાક્રમી સૈનિકોને સેલ્યુટ

### આતંકવાદ સામે કાર્યવાહી કરવા દેશ એક થયો : ભારત પર હુમલો થશે, તો યોગ્ય જવાબ અપાશે : પીએમ મોદી

નવી દિલ્હી, તા.૧૨

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ અને ૭મેથી ૧૦ મે સુધી ચાલેલી સૈન્ય ગતિવિધિઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દેશને સંબંધોન કરી કર્યુ હતું. તેમણે ભારતની ત્રણેય પાંખો, ગુપ્તચર એજન્સીઓ તમામને સફળતા બદલ શુભેચ્છા પાઠવી છે. ઓપરેશન સિંદૂર પછી પીએમ મોદી પહેલી વાર રાષ્ટ્રને સંબોધિત કરી કહ્યું કે, છેલ્લા કેટલાક દિવસોમાં દુનિયાએ ભારતની તાકાત અને સંયમ બંને જોયા છે. તેમણે દેશની ત્રણેય સેનાઓ અને વૈજ્ઞાનિકોને સલામ કરી.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'તાજેતરમાં જ દેશનું સામાર્થ્ય અને સંયન બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું. આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વિરતા દેખાડી. આતંકવાદી હુમલા બાદ આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે તમામ નાગરિકો, તમામ વર્ગો અને તમામ રાજકીય પક્ષો એક સ્વરે ઉભા થયા. અમે આતંકવાદીઓને આકરી કાર્યવાહી કરવા માટે સેનાને તમામ ખુલ્લી છૂટ આપી દીધી.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'ઓપરેશન સિંદૂરને ભારતની તમામ દિકરીઓ, બહેનો અને માતા નામે પાર પડાયું. પહલગામમાં રજાઓ માણી રહેલા દેશવાસીઓને ધર્મ પૂછીને મારવામાં આવ્યા, જે દેશને તોડવાનો નિંદનીય પ્રયાસ હતો. ભારતની સેનાઓએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણાઓને ટ્રેનિંગ સેન્ટરોને ચોક્કસ પ્રહાર કર્યા છે. આતંકવાદીઓએ સપનામાં પણ વિચાર્યું નહીં હોય કે, ભારત આટલું મોટો નિર્ણય લેશે. જ્યારે દેશ એક થાય છે, દેશ પહેલાની ભાવના ઉભી થાય છે અને રાષ્ટ્ર સર્વોપરી થાય છે, ત્યારે કડક નિર્ણયો લેવામાં આવે છે અને પરિણામ પણ દેખાડવામાં આવે છે.'તેમણે કહ્યું કે, 'ઓપરેશન સિંદૂર ન્યાયનો અખંડ સંકલ્પ છે. આતંકવાદીઓ અને તેમના આકાઓએ સિંદૂરને દૂર કરવાની કિંમત સમજી લીધી છે. ભારતીય દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ અને તેમના તાલીમ કેન્દ્રો પર ચોક્કસ હુમલો કર્યો છે. આતંકવાદીઓએ સ્વપ્નમાં પણ કલ્પના કરી ન હતી કે ભારત આટલો મોટો નિર્ણય લઈ શકે છે. દુનિયામાં જ્યાં પણ મોટા હુમલા થયા છે, તે બધા પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ સાથે જોડાયેલા છે. બહાવલપુર અને મુરીદકે વૈશ્વિક આતંકવાદની યુનિવર્સિટીઓ રહી છે.'

વડાપ્રધાન મોદીએ કહ્યું કે, 'પાકિસ્તાને આતંકવાદ વિરુદ્ધ સાથ આપવાના બદલે ભારતને નિશાન બનાવ્યું. પાકિસ્તાને ભારત પર જ હુમલો કર્યો. પાકિસ્તાને મંદિરો, ગુરુદ્વારા પર હુમલો કરવા લાગ્યો. ભારતે પાકિસ્તાના ડ્રોનને પત્તાની જેમ ઉડાવી દીધો.'

તેમણે કહ્યું કે, 'ભારતે કાર્યવાહી કરતા પાકિસ્તાન ઘોર નિશામાં પડી ગયું હતું, હતાશ થઈ ગયું હતું અને ગભરાઈ ગયું હતું. ભારતે જવાબી કાર્યવાહી કરી. ભારતે પાકિસ્તાનને એટલું નુકસાન પહોંચાડ્યું કે, તે તેની કોઈ કલ્પના જ નહીં કરી શકે. તેથી જ તેઓ બચવાના રસ્તાઓ શોધી રહ્યા છે, વિશ્વભરને વિનંતી કરી રહ્યું હતું. પાકિસ્તાની સેનાએ ૧૦મી મેએ આપણી સેનાનો સંપર્ક કર્યો, જોકે ત્યાં સુધીમાં આપણી સેનાએ આતંકવાદને મોટું નુકસાન પહોંચી દીધું હતું.

અમે અમારી બદલાની કાર્યવાહી હાલ પૂરતી મુલતવી રાખી છે. આગામી દિવસોમાં આપણે જોઈશું કે પાકિસ્તાન કેવું વલણ અપનાવે છે. ભારતની ત્રણેય સેનાઓ અને બીએસએફ એલર્ટ પર છે. સર્જિકલ અને હવાઈ હુમલા પછી આતંકવાદ સામે ઓપરેશન ભારતની નીતિ છે. જો ભારત પર આતંકવાદી હુમલો થશે, તો યોગ્ય જવાબ અપાશે. અમે અમારી પોતાની શરતો પર જવાબ આપીશું. અમે દરેક જગ્યાએ કાર્યવાહી કરીશું જ્યાં આતંકવાદના મૂળ ઉભરી આવશે. ભારત કોઈપણ પરમાણુ બ્લેકમેલને સહન કરશે નહીં. ભારત ચોકસાઈ અને નિર્ણાયકતા સાથે હુમલો કરશે. અમે આતંકવાદને સમર્થન આપતી સરકાર અને આતંકવાદના માસ્ટર્સને અલગથી જોશું નહીં.

### DGMOએ કર્યું દૂધનું દૂધ અને પાણીનું પાણી

# ભારત-પાકિસ્તાન તણાવમાં પહેલીવાર આવ્યું ચીનનું નામ

### ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ ખુલ્લેઆમ ચીનનું નામ લીધું

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને પાકિસ્તાન તણાવ દરમિયાન વારંવાર એવા સમાચાર સામે આવી રહ્યા હતા કે તુર્કી, ચીન અને અઝરબૈજાન જેવા દેશો બેક-ચેનલથી પાકિસ્તાનને સપોર્ટ કરી રહ્યા છે. આજે ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન (DGMO)ની પ્રેસ બ્રીફિંગ દરમિયાન રાજીવ ઘઈએ ખુલ્લેઆમ ચીનનું નામ લીધું.

તેમણે જણાવ્યું કે, ચીન દ્વારા આપવામાં આવેલી મિસાઈલનો ઉપયોગ પાકિસ્તાનની સેનાએ ઓપરેશન સિંદૂરના જવાબમાં ભારત વિરુદ્ધ કર્યો હતો. તેમણે કહ્યું કે ચીનની મિસાઈલો ટાર્ગેટ ચૂકી ગઈ અને ભારતીય સેનાએ આ મિસાઈલોના હવામાં જ ચીથરા ઉડાવી દીધા. DGMOએ જણાવ્યું કે, પાકિસ્તાનના હથિયારબંધ ડ્રોનને એર ડિફેન્સ ગ્રીડ અને શોલ્ડર-ફાયર્ડ હથિયારો દ્વારા નષ્ટ કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાન તરફથી સતત એવા ખોટા સમાચાર ફેલાવવામાં આવી રહ્યા હતા કે ઉધમપુર એરબેઝ પર હાજર એર ડિફેન્સ સિસ્ટમને પાકિસ્તાની સેનાએ નષ્ટ કરી દીધી. જેના અનેક ખોટા વીડિયો પણ વાયરલ કરવામાં આવ્યા હતા, જેની પોલ થોડી મિનિટોમાં જ ખુલી ગઈ. આ અંગે એર માર્શલ એ.કે. ભારતીએ જણાવ્યું કે, "હું સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગું છું કે તમામ મિલિટરી બેઝ ઓપરેશનલ છે અને ભવિષ્યમાં જરૂર પડે તો કોઈપણ મિશન પૂર્ણ કરવા માટે તૈયાર છે."

પ્રેસ કોન્ફરન્સમાં હાજર ડાયરેક્ટર જનરલ ઓફ એર ઓપરેશન અવધેશ ભારતીએ જણાવ્યું કે, "ગઈકાલે અમે ઓપરેશનની વિગતવાર માહિતી આપી હતી કે કેવી રીતે અમે ઓપરેશન હાથ ધર્યું. અમારી લડાઈ આતંકવાદ અને આતંકવાદીઓ સામે હતી. તેથી ૭ મેના રોજ આતંકીઓના ઠેકાણાઓ પર જ હુમલા કરવામાં આવ્યા હતા. પરંતુ પાકિસ્તાનની સેનાએ આતંકવાદીઓનો સાથ આપવાનું યોગ્ય સમજ્યું અને આતંકવાદીઓ સામેની લડાઈને પોતાની લડાઈ બનાવી લીધી. આ નુકસાન માટે તે જાતે જ જવાબદાર છે."

DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ એક સવાલના જવાબમાં જણાવ્યું કે, "જમ્મુ-કાશ્મીરમાં લાંબા સમયથી આતંકી હુમલાઓ થઈ રહ્યા હતા. પહલગામમાં આતંકનો પાપનો ઘડો ભરાઈ ગયો હતો. અમે પહેલેથી જ એર ડિફેન્સ સિસ્ટમ તૈયાર કરી લીધી હતી. પાકિસ્તાનની વાયુસેનાએ હુમલાના અનેક પ્રયાસો કર્યા, પરંતુ બધા નિષ્ફળ રહ્યા."

### થરૂર-ઓવૈસીએ કરી ટ્રોલર્સની ઝાટકણી

# વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ટ્રોલ્સના ત્રાસથી X એકાઉન્ટ લોક કરી દીધું

### સીઝફાયર બાદ લોકોએ સોશિયલ મીડિયામાં મિસરીને ટાર્ગેટ બનાવીને એમના વિશે એલફેલ કમેન્ટ્સ કરી હતી

નવી દિલ્હી, તા.૧૨

વિદેશ મંત્રાલયના સચિવ વિક્રમ મિસરીએ તેમનું ઠ એકાઉન્ટ લૉક કરી દીધું છે. ૧૦ મેના રોજ ભારત અને પાકિસ્તાન વચ્ચે સીઝફાયર જાહેર થયા બાદ લોકોએ સોશિયલ મીડિયામાં મિસરીને ટાર્ગેટ બનાવીને એમના વિશે એલફેલ કમેન્ટ્સ કરવા માંડી હતી.

ટ્રોલિંગ કરનારાએ તેમની દેશભક્તિ પર સવાલ ઉઠાવ્યા હતા, સીઝફાયર માટે તેમને જવાબદાર ઠેરવ્યા હતા અને તેમના પરિવારના લોકોને પણ ધમકી આપી હતી. આ બધાંથી કંટાળીને તેમણે તેમનું X એકાઉન્ટ લૉક કરી દેવું પડ્યું છે.ઓલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના પ્રમુખ અસદુદ્દીન ઓવૈસીએ આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા X પર લખ્યું હતું કે, 'વિક્રમ મિસરી એક પ્રતિષ્ઠિત, પ્રામાણિક અને મહેનતુ રાજદ્વારી છે, જેઓ આપણા રાષ્ટ્ર માટે અથાક મહેનત કરે છે. આપણા બ્યુરોક્રેટ્સ કારોબારી હેઠળ કામ કરે છે, તેથી કારોબારી કે રાજકીય નેતૃત્વ અને જે તે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા લેવાતા નિર્ણયો માટે બ્યુરોક્રેટ્સને દોષી ઠેરવી શકાય નહીં.' આ મુદ્દે કોંગ્રેસ નેતા શશી થરૂરે પણ વિક્રમ મિસરીના પક્ષમાં નિવેદન આપ્યું હતું. એક ન્યૂઝ ચેનલને આપેલી મુલાકાતમાં થરૂરે મિસરી સામેના ઓનલાઈન હુમલાને 'હાસ્યાસ્પદ' ગણાવીને મિસરીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'વિક્રમ મિસરીએ ઉત્કૃષ્ટ કામ કર્યું છે. તેમણે સખત મહેનત કરી છે, કલાકો સુધી કામ કર્યું છે. તેઓ ભારતનો અસરકારક અવાજ છે. મને એ નથી સમજાતું કે કોઈએ પણ મિસરીને શા માટે ટ્રોલ કરવા જોઈએ?'સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવે પણ ટ્રોલર્સની ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, 'અસામાજિક, ગુનાઈત તત્ત્વોએ મિસરી અને તેમના પરિવાર સામે અપશબ્દો વાપરવાની બધી હદો ઓળંગી દીધી છે. આવા પાયાવિહોણા અને દ્વેષપૂર્ણ નિવેદનો સમર્પિત અધિકારીઓને નિરાશ કરી શકે છે. યુદ્ધ જેવી બાબતોમાં નિર્ણયો લેવાની જવાબદારી સરકારની હોય છે, વ્યક્તિગત અધિકારીઓની નહીં.'

મિસરીની તરફેણમાં બોલતાં તેમણે ટ્રોલર્સ ઉપરાંત સરકારની પણ ટીકા કરતાં કહ્યું હતું કે, 'ભાજપ સરકાર કે એના કોઈપણ મંત્રી મિસરીના સન્માનનું રક્ષણ કરવા માટે આગળ આવી નથી રહ્યા. આવી અનિચ્છનીય પોસ્ટ કરનારા સામે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવાનો પ્રયાસ કોઈ નથી કરી રહ્યું.' ૧૫ જુલાઈ, ૨૦૨૪ ના રોજ વિદેશ સચિવ તરીકેની ભૂમિકા સંભાળનાર વિક્રમ મિસરીની ખૂબ જ સારી રહી છે. ભારતીય વિદેશ સેવાના ૧૯૮૯ બેચના આ રાજદ્વારીએ વિદેશ મંત્રાલય, નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી કાર્યાલય અને યુરોપ, આફ્રિકા, એશિયા અને ઉત્તર અમેરિકામાં વિવિધ ભારતીય મિશનમાં વિવિધ હોદ્દા પર સેવા આપી છે. તેઓ ભારતના ત્રણ વડાપ્રધાન આઈ.કે. ગુજરાલ, ડૉ. મનમોહન સિંહ અને નરેન્દ્ર મોદીના ખાનગી સચિવ તરીકે સેવા આપી ચૂક્યા છે.

### સેન્સેક્સ-નિફ્ટી જોરદાર ઉછાળા સાથે થયા બંધ

# સપ્તાહના પહેલા દિવસે જ શેરબજારમાં હરિયાળી

### સેન્સેક્સ ૨૯૫૦ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૨૯ પર બંધ નિફ્ટી ૯૧૯ પોઈન્ટના વધારા સાથે ૨૪,૯૨૭ પર બંધ

મુંબઈ, તા.૧૨

આજે શેયર બજારમાં જોરદાર તેજી જોવા મળી છે. રોકાણકારોને લગભગ દરેક સેક્ટરમાં નફો થયો છે. સેન્સેક્સ ૨૯૫૦ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૨૯ પર બંધ થયો. નિફ્ટી ૯૧૯ પોઈન્ટના વધારા સાથે ૨૪,૯૨૭ પર બંધ થયો. બેંક નિફ્ટી ૧૭૮૭ પોઈન્ટના વધારા સાથે ૫૫,૩૮૨ પર બંધ થયો. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરીએ તો, નિફ્ટી અને મેટલમાં ભારે ઉછાળો જોવા મળ્યો અને સેક્ટર ૫ ટકાથી વધુના વધારા સાથે બંધ થયું છે. યુદ્ધવિરામની જાહેરાત બાદ બજારમાં રોકેટ તેજી જોવા મળી છે. સેન્સેક્સ ૧૩૪૯ પોઈન્ટના વધારા સાથે ૮૦,૮૦૩ પર ખુલ્યો. નિફ્ટી ૪૧૨ પોઈન્ટના વધારા સાથે ૨૪,૪૨૦ પર ખુલ્યો હતો. બેંક નિફ્ટી ૧૦૬૩ પોઈન્ટના વધારા સાથે ૫૪,૬૫૮ પર ખુલ્યો હતો. આજે સૌથી મોટી તેજી મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં જોવા મળી હતી. સેક્ટોરલ ઈન્ડેક્સની વાત કરીએ તો, નિફ્ટી ફાર્મા સિવાય, અન્ય તમામ ક્ષેત્રોમાં આજે જોરદાર ખરીદી જોવા મળી રહી છે. નિફ્ટી ઓટોથી લઈને મેટલ અને રિયલ્ટી સુધી દરેક જગ્યાએ તેજી છે. આજે શેરબજારમાં એવી તેજી જોવા મળી કે તેના કુલ બજાર મૂલ્યમાં ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધુનો વધારો થયો છે. શેરબજારમાં આજે આઈટી શેર્સમાં ધૂમ ખરીદી જોવા મળી હતી. છેલ્લા કેટલાક સમયથી ટેરિફ વૉર, ડોલરમાં કડાકાના કારણે કરેક્શન મોડમાં ચાલી રહેલા આઈટી સ્ટોકમાં નીચા મથાળે ખરીદી વધી છે. આ ખરીદી પાછળનું કારણ ટેરિફમાં રાહત છે. અમેરિકા અને ચીને એકબીજા પર ટેરિફમાં ૧૧૫ ટકા સુધીનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે. જેનાથી અન્ય દેશોને પણ ટેરિફમાં રાહત મળવાની શક્યતાઓ વધી છે. ઈન્ફોસિસ, ટીસીએસ, એચસીએલ ટેક, ટેક મહિન્દ્રા શેર્સમાં અનેકગણા વોલ્યૂમના પગલે આઈટી ઈન્ડેક્સ ૬.૭૫ ટકા ઉછળ્યો છે. એલએન્ડટી ૬.૫૦ ટકા, વિપ્રો ૬.૪૧ ટકા, ઈન્ફોસિસ ૭.૯૧ ટકા, ટીસીએસ ૫.૧૭ ટકા ઉછાળે બંધ રહ્યો છે. બેન્કિંગગ, આઈટી, પાવર શેરોમાં નીચા મથાળે મબલક ખરીદી જોવા મળી છે. બીએસઈ ખાતે કુલ ટ્રેડેડ ૪૨૪૮ શેર પૈકી ૩૫૪૦ શેર ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા. ૫૬૮ શેરમાં ઘટાડો નોંધાયો હતો. આજે ૫૦૬ શેરમાં અપર સર્કિટ વાગી હતી. જ્યારે ૧૧૦ શેર વર્ષની નવી ટોચે પહોંચ્યા હતા. ૪૮ શેર ૫૨ વીક લો અને ૧૮૫ શેરમાં લોઅર સર્કિટ વાગી હતી.

### ભારતની એર ડિફેન્સ સિસ્ટમ અભેદ્ય : સેના

# પાકિસ્તાને છોડેલા તૂર્કિયેના ડ્રોન-ચીનની મિસાઈલ તોડી પાડી

### ભારતીય સેનાની ત્રણેય પાંખની છાવણી, એરફિલ્ડ, ડિફેન્સ યુનિટ સુરક્ષિત : જરૂર પડ્યે તો કાર્યવાહી કરવા સક્ષમ છે

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ વિશે વધુ માહિતી આપવા ભારતીય સેનાના ત્રણેય પાંખના હ્વએ મીડિયાને સંબોધન કર્યું હતું. આ તમામે ઓપરેશન સિંદૂર વિશે વિસ્તૃત માહિતી આપી. જેમાં ડીજીએમઓ લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈએ જણાવ્યું કે, 'અમારી લડાઈ આતંકવાદ વિરૂદ્ધ હતી. અમે ૭ મેના રોજ માત્ર આતંકવાદીઓને ટાર્ગેટ કર્યા હતા, પરંતુ પાકિસ્તાનની સેનાએ આતંકવાદનો સાથ આપ્યો. પહલગામ હુમલા બાદ આતંકવાદીઓના પાપનો ઘડો ભરાઈ ચૂક્યો હતો. જેનો જવાબ આપવો જરૂરી હતો.'

ડિરેક્ટર જનરલ એર ઓપરેશન્સ એર માર્શલ એ. કે. ભારતી, DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘાઈ અને ડિરેક્ટર જનરલ નેવલ ઓપરેશન્સ વાઈસ એડમિરલ એ. એન. પ્રમોદે પ્રેસ બ્રીફિંગમાં માહિતી આપી હતી. હ્વર્સએ પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, અમે પાકિસ્તાન અને POKમાં કરેલા ઓપરેશનની વિસ્તૃત માહિતી આપી રહ્યા છીએ. અમારી લડત આતંકવાદીઓ સામે હતી. સાતમી મેએ અમે માત્ર આતંકવાદી ઠેકાણા પર જ હુમલા કર્યા હતા, પણ પાકિસ્તાની સેનાએ આતંકવાદીઓનો સાથ આપ્યો, જે કમનસીબી છે. ત્યાર પછી પાકિસ્તાનને જે પણ નુકસાન થયું, તે માટે તે પોતે જ જવાબદાર છે.

પાકિસ્તાનના ડ્રોનને અમારી શોલ્ડર ફાયર હથિયારો વડે નિષ્ફળ બનાવવામાં આવ્યા હતાં. બીએસએફ જવાનો પણ અમારા આ અભિયાનમાં મજબૂતપણે જોડાયા હતાં. તેઓની મદદથી પાકિસ્તાનની નાપાક હરકતોનો સામનો કરી શક્યા. ભારતીય નૌસેનાએ પણ એટલો જ સહકાર આપ્યો છે. અમે સતત સર્વેલન્સના આધારે પાકિસ્તાનની હિલચાલ પર નજર રાખતાં રહ્યા. ભારતીય સેનાની ત્રણેય પાંખની છાવણી, એરફિલ્ડ, ડિફેન્સ યુનિટ સુરક્ષિત છે. ભવિષ્યમાં જરૂર પડ્યે તો કાર્યવાહી કરવા માટે પણ સંપૂર્ણ સક્ષમ છે. ભારતની એર ડિફેન્સ સિસ્ટમ સુરક્ષિત રહી હતી. આકાશ એર ડિફેન્સ સિસ્ટમે શાનદાર દેખાવ કર્યો હતો. પાકિસ્તાન દ્વારા વાપરવામાં આવેલી ચીનની PL-15 મિસાઈલ તોડી પાડવામાં આવી હતી. તૂર્કિયેમાં નિર્મિત ડ્રોન અને ચીનની મિસાઈલને નિષ્ફળ બનાવવામાં આવી. તેના અમુક ટુકડાંઓ મળી આવ્યા છે. આતંકવાદીઓ પર હુમલાઓ અમે નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદને પાર કર્યા વિના જ કર્યા હતાં. અમે તેની સંપૂર્ણ તૈયારીઓ કરી હતી.

# અમરેલીના સાવરકુંડલા સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ

અમરેલી,તા.૧૨

ગુજરાતમાં ઉનાળાની ઋતુ વચ્ચે કમોસમી વરસાદનો માહોલ યથાવત્ છે.ત્યારે અમરેલી જિલ્લાના વિવિધ પંથકમાં સોમવારે (૧૨મી મે) પણ ભારે પવન સાથે કમોસમી વરસાદ નોંધાયો છે. જેના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે, પરંતુ ખેડૂતોના ઉનાળુ પાકને મોટા નુકસાનની ભીતિ છે.સાવરકુંડલા શહેર અને આસપાસના વિસ્તારોમાં સોમવારે ભારે પવન સાથે ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો હતો, આ ઉપરાંત કાનાતળાવ, હાથસણી, ચરખડિયા, ખાંભા અને ધારી પંથકમાં વિજળીના કડાકા ભડાકા સાથે તિવ્ર ગતિથી વરસાદ તુટી પડ્યો હતો. નોંધનીય છે કે, કમોસમી વરસાદને કારણે ખેડૂતો ચિંતિત બન્યા છે. આ સતત વરસાદી માહોલ ઉનાળુ પાક માટે નુકસાનકારક સાબિત થઈ રહ્યો છે. ખેડૂતોને તેમના ઉનાળુ પાકમાં મોટા નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે.હવામાન વિભાગ અનુસાર, આજે (૧૨મી મે ૨૦૨૫) રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી અને જૂનાગઢ જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં છૂટો છવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. આજે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં મેઘ ગર્જના થવાની શક્યતા છે.

પવનની ગતિ ૪૦થી ૫૦ કિ.મી. પ્રતિ કલાક રહી શકે છે.૧૩ મે ૨૦૨૫ના રોજ સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, વડોદરા, આણંદ, પંચમહાલ, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, કચ્છ, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, ભાવનગર, અમરેલી, રાજકોટ, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર, જામનગર અને દેવભૂમિ દ્વારકામાં છૂટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.૧૪ મે ૨૦૨૫ના રોજ કચ્છ, જામનગર, દેવભૂમિ દ્વારકા, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, વડોદરા, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં છૂટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

### સમગ્ર મામલે કોંગ્રેસે ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે

# ગુજરાતના ભાજપ નેતાઓનું બુદ્ધિનું પ્રદર્શન, ટ્રોલિંગ બાદ માંગવી પડી માફી

### મળતી માહિતી મુજબ, ચેતન સુરેજાએ '૨૪૦ સીટમાં આટલું જ યુદ્ધ જોવા મળે... આખું જોવું હોય તો ૪૦૦ સીટ આપવી પડે...' આ પ્રકારની પોસ્ટ મુકી હતી

અમદાવાદ,તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવભરી સ્થિતિમાં ગુજરાતના રાજકોટના ભાજપના કોર્પોરેટરની વિવાદસ્પદ પોસ્ટ સામે આવી છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ દરમિયાન રાજકોટ ભાજપ કોર્પોરેટરે બુદ્ધિનું પ્રદર્શન કરતી પોસ્ટ વાઈરલ થતાં શહેર ભાજપના પ્રમુખે આ મામલે પ્રતિક્રિયા આપી હતી. સમગ્ર મામલે કોંગ્રેસે ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે. જેમાં રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખનું પણ નિવેદન સામે આવ્યું છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવની સ્થિતિ અને યુદ્ધવિરામને લઈને રાજકોટના ભાજપ કોર્પોરેટર ચેતન સુરેજાની પોસ્ટ વાઈરલ થઈ છે. મળતી માહિતી મુજબ, ચેતન સુરેજાએ '૨૪૦ સીટમાં આટલું જ યુદ્ધ જોવા મળે... આખું જોવું હોય તો ૪૦૦ સીટ આપવી પડે...' આ પ્રકારની પોસ્ટ મુકી હતી. આ પછી સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો. આ મામલે શહેર ભાજપ પ્રમુખ માધવ દવેનું નિવેદન સામે આવ્યું છે. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'પોસ્ટ મામલે મે નગરસેવક સાથે વાત કરી હતી. નગરસેવક પાસે એક ફોર્વડિંગ પોસ્ટ આવી હતી અને તેમનાથી શેર થઈ હતી. હાલની સ્થિતિની જોતા આ યોગ્ય ન હોવાથી મે નગરસેવકને આ મામલે વાત કરી હતી. જેમાં નગરસેવકે મારી વાત સ્વીકારી લીધી હતી અને મે વાત કરી એ પહેલા જ તેમણે પોસ્ટ દૂર કરી હતી. આ મામલે તેમણે માફી માગી હતી.'ચેતન સુરેજાની પોસ્ટ મામલે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ જણાવ્યું હતું કે, 'ચેતન સુરેજાની બાળક બુદ્ધિ જેવું જ્ઞાન છે. આ મામલો દેશ અને સેનાનો છે, આમાં કોઈ રાજકારણ હોવું ન જોઈએ. આ ગંભીર બાબત છે, આની સામે કડકમાં કડક પગલા લેવા જોઈએ અને આ કોર્પોરેટર સસ્પેન્ડ થવો જોઈએ એવી અમારા કોંગ્રેસ પક્ષની માંગણી છે. આ એક બુદ્ધિનું પ્રદર્શન કહેવાય...'

જ્યારે રાજકોટ બાદ વડોદરાના વોર્ડ નંબર ૩ના કોર્પોરેટર છાયા ખરાદીએ પણ ફેસબુક પર ભારત-પાકિસ્તાન યુદ્ધ મુદ્દે મજાક કરતી પોસ્ટ શેર કરી હતી. આ પછી વડોદરા શહેર ભાજપ પ્રમુખે પ્રતિક્રિયા આપી હતી.

### ભારત-પાકિસ્તાન સિઝફાયર પર ચાલી રહી હતી વાત

# અચાનક ભારતીય સેનાએ કેમ લીધું વિરાટ કોહલીનું નામ?

### રાજીવ ઘઈએ વિરાટ કોહલીનો ઉલ્લેખ કર્યો હતો : તેમણે જણાવ્યું કે, વિરાટ કોહલી તેમના ફેવરેટ ક્રિકેટર છે

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ આજે ભારતીય સેનાના ત્રણેય પાંખના અધિકારીઓએ સતત બીજા દિવસે પ્રેસ કોન્ફરન્સ યોજી. આ કોન્ફરન્સમાં DGMO લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ આજે વિરાટ કોહલીનો ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યું કે, વિરાટ કોહલી તેમના ફેવરેટ ક્રિકેટર છે. તેમણે કહ્યું કે તેઓ વિરાટ કોહલીના ફેન છે. રાજીવ ઘઈએ જણાવ્યું કે, આજે કદાચ ક્રિકેટની પણ વાત કરવી જોઈએ કારણ કે મેં જોયું કે વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લીધી છે. ઘણા ભારતીયની જેમ તેઓ મારા પણ ફેવરેટ ખેલાડી છે.

લેફ્ટનન્ટ જનરલ રાજીવ ઘઈએ જણાવ્યું કે, ઈન્ટરનેશનલ બાઉન્ડ્રીથી રડાર, એર ડિફેન્સ સિસ્ટમ, વિન્ટેજ એર ડિફેન્સ સિસ્ટમ અને મોડર્ન એર ડિફેન્સ સિસ્ટમની લેયર હતી. તેને પાર કરીને આપણી એરફીલ્ડ પર એટેક કરવો તેમના માટે મુશ્કેલ હતો. આ બધુ એક ઘટનાની યાદ અપાવે છે. ૭૦ના દાયકામાં ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે એશિઝ સિરીઝ ચાલી રહી રહી હતી. બે ફાસ્ટ બોલર જેફ થોમસન અને ડેનિસ લીલીએ ઇંગ્લિશ બેટ્સમેનોને પરસેવોવાળી દીધો હતો.

તેમણે જણાવ્યું કે, તે સમયે ઓસ્ટ્રેલિયાએ એક કહેવત બહાર પાડી હતી, "Ashes to ashes, dust to dust, if Thommo don't get ya, Lillee must." આનો મતલબ છે કે જો થોમો તમને આઉટ કરી શકતા નથી, તો લીલી તમને જરૂર આઉટ કરશે. જો તમે આ લેયર્સને જુઓ, તો તમે સમજી શકશો કે હું શું કહેવાનો પ્રયાસ કરી રહ્યો છું. ભલે દુશ્મન બધા લેયર્સને પાર કરી જાય, તો પણ આ ગ્રિડ સિસ્ટમના લેયર્સમાંથી કોઈ એક તેને નીચે પાડશે જ. તમને જણાવી દઈએ કે, વિરાટ કોહલીએ ૧૨ મેના રોજ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી. તેઓ ભારતના સૌથી સફળ ટેસ્ટ ક્રિકેટરોમાંથી એક છે. તેમણે ટેસ્ટ ક્રિકેટની ૨૧૦ ઈનિંગ્સમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા હતા. તેમણે આ ફોર્મેટમાં ૩૦ સદી અને ૩૧ અર્ધસદી ફટકારી હતી. આ દરમિયાન તેમનો હાઈએસ્ટ સ્કોર ૨૫૪ રન નોટઆઉટ રહ્યો હતો.

હિંદુ શેરની તુ કુછ દિનો કી મહેમાન હૈ, તુઝે ખતમ કર દેંગે

# ભાજપ નેતા નવનીત રાણાને પાકિસ્તાન તરફથી ધમકી મળી

**ધમકી મળ્યા બાદ નવનીત રાણાએ મુંબઈની ખાર પોલીસને તેની જાણ કરી : હાલમાં પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે**

નવી દિલ્હી, તા. ૧૨

ભાજપના નેતા નવનીત રવિ રાણાને પાકિસ્તાન તરફથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ધમકીભર્યા ફોન કોલમાં કહેવામાં આવ્યું હતું કે, 'અમારી પાસે તમારા વિશે બધી માહિતી છે.' હિન્દુ સિંહણ, તું થોડા દિવસની મહેમાન છે, અમે તને મારી નાખીશું, ન તો સિંદૂર બચશે અને ન તો તેને લગાવનાર. નવનીત રાણાને પાકિસ્તાનથી અલગ અલગ નંબરો પરથી ફોન આવ્યા છે. ધમકી મળ્યા બાદ નવનીત રાણાએ મુંબઈની ખાર પોલીસને તેની જાણ કરી. નવનીત રાણાને અગાઉ પણ પાકિસ્તાન તરફથી ધમકીભર્યા મેસેજ મળી ચૂક્યા છે. હાલમાં પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે.

ઓપરેશન સિંદૂર પછી નવનીત રાણાનું નિવેદન સામે આવ્યું છે, જેમાં તેમણે કહ્યું હતું કે, ''ઘરમાં ઘુસીને માર્યા છે, તેઓએ તમારી કબર ખોદી છે. દેશના સિંહાસન પર તારા બાપ મોદી બેઠા છે, નાનું પાકિસ્તાન શું કહી શકે, બકરીની માતા ક્યાં સુધી તેના કલ્યાણ માટે પ્રાર્થના કરતી રહેશે. આ ઉપરાંત, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ઠ' પર પોસ્ટ કરીને લખ્યું, ''સિંદૂરનો બદલો સિંદૂરથી લીધો, જય હિંદ-જય ભારત.''

ઉલ્લેખનીય છે કે ૨૨ એપ્રિલે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલો થયો હતો. આમાં કુલ ૨૬ લોકોના મૃત્યુ થયા હતા. આ પછી, ભારતીય સેનાએ ૬-૭ મેની રાત્રે પાકિસ્તાનના ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કરીને અને તેમના છાવણીઓનો નાશ કરીને બદલો લીધો. આ પછી, પાકિસ્તાને ડ્રોન દ્વારા ભારત પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો, જેને સેનાએ નિષ્ફળ બનાવ્યો અને યોગ્ય જવાબ આપવામાં આવ્યો.

નવનીત રાણા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અનુસૂચિત જાતિ માટે અનામત અમરાવતી બેઠક પરથી અપક્ષ ઉમેદવાર તરીકે પહેલી વાર સાંસદ બન્યા. આ પછી, ૨૦૨૪ ની લોકસભા ચૂંટણીમાં, ભાજપે તેમને અમરાવતીથી મેદાનમાં ઉતાર્યા, જોકે, તેમને કોંગ્રેસના બળવંત બસવંત વાનખેડેથી હારનો સામનો કરવો પડ્યો.

ભારતે પાકિસ્તાનની કમર તોડી

# એરક્રાફ્ટ તબાહ, ૫ લોકોના મૃત્યુ : પાક.નું કબૂલનામું

**પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું**

ઈસ્લામાબાદ, તા. ૧૨

ભારતના લશ્કરી હુમલાને કારણે પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. પાકિસ્તાન શરૂઆતમાં પ્રચાર ફેલાવીને આ નુકસાન છુપાવવાનો પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ હવે તેની સેનાએ ધીમે ધીમે સત્ય સ્વીકારવાનું શરૂ કરી દીધું છે. રવિવારે મોડી રાત્રે, પાકિસ્તાની સેનાના પ્રવક્તા લેફ્ટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ એક પ્રેસ કોન્ફરન્સમાં સ્વીકાર્યું કે ભારતીય હુમલામાં તેમના એક વિમાનને 'થોડું નુકસાન' થયું હતું, જોકે તેમણે વિમાન વિશે વધુ માહિતી આપી ન હતી. અન્ય એક અહેવાલ મુજબ, વાયુસેનાના પાંચ સૈનિકોના મૃત્યુ થયા છે. ભારતીય સંરક્ષણ દળોએ રવિવારે એક પ્રેસ કોન્ફરન્સમાં ખુલાસો કર્યો કે પાકિસ્તાની લડાકુ વિમાનોને તોડી પાડવામાં આવ્યા છે. જોકે, તેમણે જેટના પ્રકાર અને સંખ્યા જાહેર કરવાનો ઈનકાર કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે આવી બાબતો છુપાવી શકાતી નથી અને તે સામે આવશે. આ સાથે, ભારતના મિસાઈલ હુમલામાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં સ્થિત રહીમ યાર ખાન એરબેઝના રનવેને પણ નુકસાન થયું છે. રહીમ યાર ખાન એરબેઝ રાજસ્થાન સરહદની નજીક છે. એક અહેવાલ મુજબ, જિલ્લા ડેપ્યુટી કમિશનરે જણાવ્યું હતું કે હુમલાને કારણે એક ઊંડો ખાડો સર્જાયો હતો. પાકિસ્તાન સિવિલ એવિએશન ઓથોરિટી (PCAA) એ એક નોટિસ જારી કરીને જણાવ્યું હતું કે આ રનવે એક અઠવાડિયા સુધી બંધ રહેશે. નોટિસ અનુસાર, રનવે પર 'રિપેર કાર્ય' ચાલી રહ્યું છે, જેના કારણે તે ૧૦ મેના રોજ સાંજે ૪ વાગ્યાથી ૧૮ મેના રોજ સવારે ૫ વાગ્યા સુધી ફ્લાઈટ્સ માટે બંધ રહેશે. ભારતીય વાયુસેનાએ સેટેલાઈટ છબીઓ દ્વારા પુષ્ટિ આપી છે કે ભારતના ચોકસાઈ હડતાલ દ્વારા રનવેને નિશાન બનાવવામાં આવ્યો હતો.

અહેવાલો અનુસાર, સિંધ પ્રાંતના ભોલારી એરબેઝ પર પાંચ પાકિસ્તાની વાયુસેનાના જવાનોના મૃત્યુની પુષ્ટિ થઈ છે. આમાં સ્ક્વોડ્રન લીડર ઉસ્માન યુસુફનો પણ સમાવેશ થાય છે. આ બેઝ F-16 અને JF-17 ફાઈટર પ્લેનનું કેન્દ્ર છે. ભારતે કહ્યું કે તે આઠ પાકિસ્તાની વાયુસેનાના ઠેકાણાઓને નિશાન બનાવશે, જેમાં પાસરુર અને સિયાલકોટ ખાતેના રડાર સ્થળોનો પણ સમાવેશ થાય છે. પાકિસ્તાને એવો દાવો કરવાનો પ્રયાસ કર્યો કે તેણે હુમલામાં ભારતને નુકસાન પહોંચાડ્યું છે. આ માટે, પાકિસ્તાની વાયુસેનાએ સેટેલાઈટ છબીઓ પણ શેર કરી હતી, જેને પાછળથી નિષ્ણાતો દ્વારા નકલી જાહેર કરવામાં આવી હતી.

ભારત અને પાકિસ્તાન વચ્ચેનો આ ચાર દિવસનો લશ્કરી સંઘર્ષ ૨૨ એપ્રિલના રોજ પહેલગામમાં થયેલા હત્યાકાંડથી શરૂ થયો હતો. જવાબમાં, ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હુમલા કર્યા. ત્યારબાદ પાકિસ્તાને નિયંત્રણ રેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ડ્રોન અને મિસાઈલ હુમલા શરૂ કર્યા, જેને ભારતે નિષ્ફળ બનાવ્યા, જેણે બદલામાં રહીમ યાર ખાન એરબેઝ સહિત છ પાકિસ્તાની લશ્કરી સ્થાપનોને નિશાન બનાવ્યા.

આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કહ્યું

# નવું ભારત આતંકવાદીઓને શોધીને ખતમ કરી દેશે : હિમંતા

**હિમંતા બિસ્વાએ પાકિસ્તાની સૈન્ય અને આતંકવાદી છાવણીઓનો નાશ કરવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી**

દીસપુર, તા. ૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ થયો છે. સરહદી જિલ્લાઓમાં સતત શાંતિ જોવા મળી રહી છે. ઓપરેશન સિંદૂર ચલાવીને, ભારતે પાકિસ્તાન અને તેના આતંકવાદી સંગઠનોને એક એવો પાઠ શીખવ્યો છે જે તેઓ લાંબા સમય સુધી યાદ રાખશે. હવે આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ આ સમગ્ર ઘટના પર મોટું નિવેદન આપ્યું છે. સીએમ હિમંતાએ કહ્યું છે કે ઓપરેશન સિંદૂરએ સાબિત કર્યું છે કે નવું ભારત આતંકવાદીઓને શોધી કાઢશે અને તેમને મારી નાખશે.

મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ રવિવારે પાકિસ્તાની સૈન્ય અને આતંકવાદી છાવણીઓનો નાશ કરવા બદલ ભારતીય સશસ્ત્ર દળોની પ્રશંસા કરી. સીએમ હિમંતાએ પણ પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી અને કહ્યું કે પીએમ મોદી પરિપક્વતા સાથે વિશ્વની સૌથી જૂની સભ્યતાનું નેતૃત્વ કરી રહ્યા છે. સીએમ હિમંતાએ ભાજપના કાર્યકરોને વૈશ્વિક શક્તિ તરીકે ભારતની ઉભરતી ભૂમિકા વિશે લોકોને જાગૃત કરવા વિનંતી કરી છે.

આસામના સીએમ હિમંતા બિસ્વા શર્માએ સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું- ''મેં થોડા સમય પહેલા આપણા ડીજીએમઓ દ્વારા કરવામાં આવેલી એક અદ્ભુત બ્રીફિંગ જોઈ. અમે પીએમ મોદી અને આપણી બહાદુર સેનાના નેતૃત્વના ખૂબ આભારી છીએ. ભારતે પુરાવા સાથે સાબિત કર્યું છે કે ઓપરેશન સિંદૂરમાં ૧૦૦ થી વધુ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા છે. આપણા દુશ્મનના મહત્ત્વપૂર્ણ લશ્કરી અને આતંકવાદી માળખાને પણ નુકસાન થયું છે.''મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ કહ્યું, ''સૌથી ઉપર, ઓપરેશન સિંદૂરએ એક મજબૂત સંદેશ આપ્યો છે કે નવું ભારત વિશ્વના દરેક ખૂણામાં આતંકવાદીઓને શોધી કાઢશે અને ખતમ કરશે, પછી ભલે તેઓ જમીન પર, હવામાં કે સમુદ્રમાં ગમે ત્યાં છુપાયેલા હોય.''

ક્રોસ બોર્ડર ફાયરિંગમાં ઈજાગ્રસ્ત થયો હતો

# ભારત-પાકિસ્તાનના સંઘર્ષમાં BSFનો વધુ એક જવાન શહીદ

**પાકિસ્તાનની સેના દ્વારા થયેલા ક્રોસ-બોર્ડર ગોળીબારમાં બીએસએફ કોન્સ્ટેબલ દીપક ચિમંગખમ ઘાયલ થયા હતા**

નવી દિલ્હી, તા.૧૨

બોર્ડર સિક્યુરિટી ફોર્સનો વધુ એક જવાન પાકિસ્તાન-ભારત વચ્ચે થયેલા સંઘર્ષમાં શહીદ થયો છે. ૯-૧૦ મેની રાત્રે જમ્મુના આરએસ પોરામાં પાકિસ્તાનની સેના દ્વારા થયેલા ક્રોસ-બોર્ડર ગોળીબારમાં બીએસએફનો કોન્સ્ટેબલ દીપક ચિમંગખમ ગંભીર રૂપે ઘાયલ થયા હતા. તેમણે ૧૧ મેના રોજ અંતિમ શ્વાસ લીધા હતા. બીએસએફે શહીદના પરિવાર પ્રત્યે ઊંડી લાગણી વ્યક્ત કરી હતી. સન્માન સાથે પલૌરા ફ્રન્ટિયર મુખ્યાલય જમ્મુમાં અંતિમ સંસ્કાર કરવામાં આવશે. ૨૫ વર્ષીય દીપક મણીપુરનો રહેવાસી હતો. પહલગામ હુમલા બાદ પાકિસ્તાન દ્વારા વારંવાર સીઝફાયરનું ઉલ્લંઘન કરી LOC અને આંતરરાષ્ટ્રીય સરહદ પર ગોળીબાર કરવામાં આવી રહ્યો હતો.

આ ગોળીબાર ગત શનિવાર સુધી ચાલ્યો હતો. જેમાં જમ્મુ-કાશ્મીર સરકારના એક વરિષ્ઠ અધિકારી અને બે સુરક્ષાદળના અધિકારી શહીદ થયા હતા. આ સિવાય અન્ય જવાનો સહિત કુલ સાત લોકો શહીદ થયા છે. ગઈકાલે બીએસએફ સબ ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ પણ શહીદ થયા હતા. રાજૌરીના એડિશનલ ડિસ્ટ્રિક્ટ ડેવલપમેન્ટ કમિશનર રાજકુમાર થાપા અને તેમના સ્ટાફના અન્ય બે સભ્યો પણ આ ક્રોસ બોર્ડર ફાયરિંગમાં ગંભીર રૂપે ઘાયલ થયા હતા. તમામની ગર્વમેન્ટ મેડિકલ કોલેજમાં સારવાર ચાલી રહી છે. તેમાં હિમાચલ પ્રદેશના સુબેદાર મેજર પવન કુમાર શહીદ થયા હતા. બીએસએફ જમ્મુએ તમામ શહીદોની રાષ્ટ્રીય સન્માન સાથે અંતિમ વિધિ પૂર્ણ કરી હતી.

નિવૃત્તિની જાહેરાત કરતાં કોહલીએ ભાવુક પોસ્ટ કરી

# પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ જાહેર કરી

**કોહલીએ ૧૨૩ ટેસ્ટ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા છે અને ૩૦ સદી પણ ફટકારી છે**

મુંબઈ, તા. ૧૨

ભારતીય ક્રિકેટના સ્ટાર ખેલાડી અને ભૂતપૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરતાં કોહલીએ એક ભાવુક પોસ્ટ કરી છે.

ભારતીય ક્રિકેટર વિરાટ કોહલીએ ટેસ્ટ ક્રિકેટમાંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી છે. તેમણે સોમવાર, ૧૨ મે ૨૦૨૫ના રોજ સવારે ૧૧:૪૩ વાગ્યે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા આ નિર્ણયની માહિતી આપી.

વિરાટે ટેસ્ટ જર્સીમાં પોતાનો એક ફોટો શેર કરતાં લખ્યું, ''બેગી બ્લૂ જર્સી પહેરીને ટેસ્ટ ક્રિકેટમાં પહેલું પગલું મૂક્યાને ૧૪ વર્ષ થઈ ગયા. સાચું કહું તો, મેં ક્યારેય નહોતું વિચાર્યું કે આ ફોર્મેટ મને આવો અનોખો અનુભવ કરાવશે. આ રમતે મારી કસોટી કરી, મને ઘડ્યો અને એવા જીવનપાઠ શીખવ્યા જે હું હંમેશાં સાથે રાખીશ.''

કોહલીએ આગળ કહ્યું, ''વ્હાઈટ જર્સીમાં રમવું એ એક ખૂબ જ ખાસ અનુભવ છે. ધીરજપૂર્વક કરેલી મહેનત, લાંબા દિવસો, નાની-નાની ક્ષણો જે કોઈ નથી જોતું પણ તે હંમેશાં તમારી સાથે રહે છે. આ ફોર્મેટથી દૂર જવું સરળ નથી, પરંતુ આ નિર્ણય યોગ્ય લાગે છે. મેં અહીં મારું બધું જ આપ્યું, અને આ રમતે મને મારી અપેક્ષાઓથી ઘણું વધારે આપ્યું.''

વિરાટે ૧૨૩ ટેસ્ટ મેચોમાં ૪૬.૮૫ની સરેરાશથી ૯૨૩૦ રન બનાવ્યા છે અને ૩૦ સદી પણ ફટકારી છે. વિરાટ કોહલી ભારતનો સૌથી સફળ ટેસ્ટ કેપ્ટન પણ છે. તેઓએ ૬૮ માંથી ૪૦ ટેસ્ટ મેચ જીતી છે. વિરાટ કોહલીએ ૨૦૧૬-૨૦૧૯ દરમિયાન ટેસ્ટ ક્રિકેટમાં શાનદાર પ્રદર્શન કર્યું. તેણે ૪૩ ટેસ્ટ મેચમાં ૬૬.૭૯ની સરેરાશથી ૪૨૦૮ રન બનાવ્યા. તેણે ૬૯ ઈનિંગ્સમાં ૧૬ સદી અને ૧૦ અડધી સદી ફટકારી હતી. આનાથી તે ટેસ્ટ ક્રિકેટનો મહાન ખેલાડી બન્યો.

વિરાટ કોહલીએ ૨૦ જૂન, ૨૦૧૧ના રોજ વેસ્ટ ઈન્ડીઝ સામે પોતાની પ્રથમ ટેસ્ટ મેચ રમી હતી. તેમની ડેબ્યૂ ટેસ્ટની પ્રથમ ઈનિંગમાં તેમણે ૪ રન અને બીજી ઈનિંગમાં ૧૫ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફી ૨૦૨૪-૨૫ની પાંચમી ટેસ્ટ મેચ વિરાટ કોહલીની અંતિમ ટેસ્ટ મેચ હતી.

૩થી ૫ જાન્યુઆરી દરમિયાન રમાયેલી આ મેચની પ્રથમ ઈનિંગમાં તેમણે ૧૭ રન બનાવ્યા હતા, જ્યારે તેમની કારકિર્દીની અંતિમ ટેસ્ટ ઈનિંગમાં તેમણે ૬ રન બનાવ્યા હતા.

SEBI એ રજૂ કરી ગાઈડલાઈન

# શેરબજારમાં ટ્રેડિંગથી માંડી એક્સયાપરી સુધીના નિયમોમાં કરાયા ફેરફારો

**નવા નિયમો સટ્ટાખોરી પર અંકુશ લગાવશે અને રિટેલ ટ્રેડર્સને જોખમોને વધુ સારી રીતે સમજવાની તક આપશે**

મુંબઈ, તા.૧૨

માર્કેટ રેગ્યુલેટર સેબીએ એફએન્ડઓ માર્કેટમાં વધી રહેલી સટ્ટાખોરીને ધ્યાનમાં લેતાં જોખમના નવા માપદંડો રજૂ કર્યા છે. ફેબ્રુઆરીમાં રજૂ કરવામાં આવેલા કન્સલ્ટન્ટ પેપરના આધારે હવે ઓપન ઈન્ટરેસ્ટની ગણતરી, પોઝિશન લીમિટ અને એક્સપાયરી નિયમોમાં મોટા ફેરફારો થશે. રિટેલ ટ્રેડર્સને થતાં નુકસાનમાં ઘટાડો કરવાના ઉદ્દેશ સાથે ફેરફારો કરવામાં આવ્યા છે. સેબી ટ્રેડિંગ ગતિવિધિઓને મર્યાદિત કરવા માંગે છે પરંતુ તે જ સમયે માર્કેટની લિક્વિડિટી જાળવી રાખવી મહત્વપૂર્ણ છે. નવા નિયમો સટ્ટાખોરી પર અંકુશ લગાવશે અને રિટેલ ટ્રેડર્સને તેમના જોખમોને વધુ સારી રીતે સમજવાની તક પણ આપશે.

૧. ઓપન ઈન્ટરેસ્ટ (OI)ની ગણતરીઃ ફ્યુચર ઈક્વિલન્ટ તથા ડેલ્ટા આધારિત મોડલ લાગુ કરાશે. જેનાથી ડેરિવેટિવ્ઝની કિંમતોને બેઝ સિક્યુરિટી સાથે જોડી યોગ્ય પોઝિશનિંગને ચેક કરી શકાશે.

૨. ઈન્ડેક્સ ઓપ્શન્સની કુલ મર્યાદાઃ ફેબ્રુઆરીમાં જારી કરાયેલા કન્સલ્ટેશન પેપરમાં, સેબીએ કહ્યું હતું કે આ મર્યાદા રૂ. ૧,૫૦૦ કરોડ હોવી જોઈએ. જો કે, ઈન્ડસ્ટ્રીની પ્રતિક્રિયા બાદ, તેને વધારીને રૂ. ૧૦,૦૦૦ કરોડ કરવામાં આવી છે.

૩. સિંગલ સ્ટોક પર MWPL (માર્કેટ-વાઈડ પોઝિશન લિમિટ)ઃ હવે તે "ફ્રી ફ્લોટના ૧૫%" અથવા "એવરેજ ડેઈલી ડિલિવરી વેલ્યૂના ૬૫ ગણાં" - જે ઓછું હોય તે મુજબ નિર્ધારિત કરાશે. FPIs અને મ્યુચ્યુઅલ ફંડ્સ માટે MWPL ૩૦% સુધી મર્યાદિત છે. રિટેલ રોકાણકારો માટે MWPL મહત્તમ ૧૦% છે.

૪. એક્સપાયરીની તારીખઃ એક્સપાયરીની તારીખ બદલવાની તૈયારીઓ ચાલી રહી છે. હવે F&O એક્સપાયરી અઠવાડિયામાં ફક્ત બે દિવસ જ માન્ય રહેશે. એક્સપાયરીની તારીખમાં ફેરફારો માટે સેબીની મંજૂરી જરૂરી રહેશે. ખાસ કરીને મેટ્રોપોલિટન સ્ટોક એક્સચેન્જ જેવા નવા એક્સચેન્જ પ્લેયર્સ પર તેઅસર કરશે.

સેબીના જૂના સર્વે (૨૦૨૧-૨૪) મુજબ, ૯૩% વ્યક્તિગત ટ્રેડર્સને F&O માં નુકસાન થયું હતું જોકે ઈન્ડેક્સ ઓપ્શન વોલ્યુમમાં વાર્ષિક ધોરણે ૧૫%નો ઘટાડો થયો છે, તે ૨૦૨૨ કરતાં ૧૧% વધુ છે. વ્યક્તિગત ભાગીદારીમાં પણ વાર્ષિક ધોરણે ૫%નો ઘટાડો થયો છે, પરંતુ ૨૦૨૨ની સરખામણીમાં હજુ પણ ૩૪% વૃદ્ધિ દર્શાવે છે.

ઓપરેશન સિંદૂરની સફળતા વખાણી

# ભારતીય સેના અને મોદીના પ્રશંસક બન્યા રજનીકાંત

**સુપરસ્ટાર રજનીકાંતે આ સફળતા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સશસ્ત્ર દળોને અભિનંદન આપ્યા**

ચેન્નઈ, તા. ૧૨

પાકિસ્તાન વિરુદ્ધ ભારતના ઓપરેશન સિંદૂરની સફળતાથી દેશ ખૂબ જ ખુશ છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો તણાવ હવે સમાપ્ત થઈ ગયો છે. આ સમયે ભારતીય સેનાના મહત્ત્વના યોગદાનને કારણે દેશનો દરેક નાગરિક ગર્વ અનુભવે છે. દરમિયાન સુપરસ્ટાર થલાઈવા રજનીકાંત પણ સશસ્ત્ર દળોની પ્રશંસા કરી છે. ૭ મેથી ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું, જેમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર સફળતાપૂર્વક હુમલો કરવામાં આવ્યો. આ મિશનમાં ઘણા આતંકવાદીઓ અને તેમના બંકરોનો નાશ કરવામાં આવ્યો હતો. સુપરસ્ટાર રજનીકાંતે આ સફળતા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સશસ્ત્ર દળોને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા છે.

સુત્ર અનુસાર સુપરસ્ટાર રવિવારે ચેન્નઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જોવામાં આવ્યો હતો. જ્યારે આતંકવાદી હુમલાઓ અંગે તેમને સવાલ પૂછવામાં આવ્યો ત્યારે રજનીકાંતે કહ્યું, 'પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવા બદલ ભારતીય સશસ્ત્ર દળોને મારા હૃદયપૂર્વક અભિનંદન. આ યુદ્ધને કુશળતાપૂર્વક, દ્રઢતાપૂર્વક અને જુસ્સાથી સંભાળવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ, આપણા ત્રણેય સશસ્ત્ર દળોના અધિકારીઓ અને સૈનિકોને મારા અભિનંદન.

સ્થિતિ સામાન્ય બની રહી છે

# ઓપરેશન સિંદૂર દરમિયાન બંધ વિમાન સેવા ફરી શરૂ થશે

**ઓપરેશન સિંદૂર દરમિયાન સલામતીનાં કારણોસર દેશના ઘણાં રાજ્યોમાં બંધ કરાયેલી વિમાન સેવા ફરી શરૂ થશે**

નવી દિલ્હી, તા. ૧૨

ઓપરેશન સિંદૂર દરમિયાન સલામતીનાં કારણોસર દેશના ઘણાં રાજ્યોમાં બંધ કરવામાં આવેલી વિમાન સેવા ફરી શરૂ થશે. પહલગામમાં ૨૨ એપ્રિલે ઈસ્લામિક આતંકી હુમલા બાદ આ મહિને ભારતે તેનો બદલો લેવા શરૂ કરેલા ઓપરેશન સિંદૂરને પગલે સરહદી રાજ્યો સહિત કેટલાક અગત્યના એરપોર્ટ સલામતીનાં કારણોસર બંધ કરવામાં આવ્યાં હતા. જોકે, ગત શનિવારે પાકિસ્તાને ઘૂંટણીયે પડીને શસ્ત્ર વિરામની વિનંતી કર્યા બાદ સ્થિતિ સામાન્ય બની રહી છે જેને પગલે હવે નાગરિક વિમાનો પણ શરૂ કરવામાં આવી રહ્યા છે. આ અંગે ભારત સરકાર દ્વારા જારી સત્તાવાર નિવેદન મુજબ, ૧૫ મે ૨૦૨૫ના રોજ સવારે ૫:૨૯ વાગ્યા સુધી ૩૨ એરપોર્ટ પર મૂકવામાં આવેલો નાગરિક વિમાન સંચાલન પરનો કામચલાઉ પ્રતિબંધ ઉઠાવી લેવામાં આવ્યો છે. આ એરપોર્ટ હવે તાત્કાલિક અસરથી નાગરિક વિમાન સંચાલન માટે ઉપલબ્ધ છે.

જમ્મુ-કાશ્મીરમાં ગયા મહિને ઈસ્લામિક જેહાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે વધતા તણાવને કારણે ઉત્તર અને પશ્ચિમ ભારતના ૩૨ એરપોર્ટને બંધ કરવામાં આવ્યા હતા, પરંતુ હવે તે તાત્કાલિક અસરથી ફરીથી ખોલવામાં આવ્યા છે. આ સંદર્ભે એક નોટમ (નોટિસ ટુ એરમેન) જારી કરવામાં આવ્યું છે. આ સાથે ૨૫ એર રૂટ્સ પણ ફરીથી શરૂ કરવામાં આવ્યા છે.

પાંચ દિવસ પહેલાં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (AAI) અને અન્ય ઉડ્ડયન નિયામકોએ ભારતના સરહદી વિસ્તારોમાં આવેલાં ૩૨ એરપોર્ટને અસ્થાયી રૂપે બંધ કરવા માટે નોટમ જારી કર્યું હતું. વાસ્તવમાં ઉડાનોને પરિચાલન કારણોસર સ્થગિત કરવામાં આવી હતી જે ૯ મે થી ૧૫ મે સુધી અમલમાં હતી. હવે એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ જણાવ્યું છે કે અસ્થાયી રૂપે બંધ કરાયેલા એરપોર્ટને તાત્કાલિક અસરથી ખોલી દેવામાં આવ્યા છે. અગાઉ અસ્થાયી રૂપે બંધ કરાયેલા એરપોર્ટમાં ચંદીગઢ, શ્રીનગર, અમૃતસર, લુધિયાણા, ભુંટર, કિશનગઢ, પટિયાલા, શિમલા, ધર્મશાલા અને ભટિંડા જેવા મહત્વના એરપોર્ટનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત, જેસલમેર, જોધપુર, લેહ, બિકાનેર, પઠાણકોટ, જમ્મુ, જામનગર અને ભુજ જેવા વ્યૂહાત્મક રીતે મહત્વના સ્થળોના એરપોર્ટ પણ અસ્થાયી રૂપે બંધ કરવામાં આવ્યા હતા.

ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા આગાહી

# આવતીકાલે આંદમાન અને નિકોબારમાં ચોમાસું બેસી જશે

**૨૪ કલાકથી નિકોબારમાં ભારે વરસાદ પડી રહ્યો છે**

નવી દિલ્હી, તા.૧૨

ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા મોટી આગાહી કરવામાં આવી છે. જેમા આવતીકાલે આંદમાન અને નિકોબારમાં ચોમાસું બેસી જશે. છેલ્લા ૨૪ કલાકથી નિકોબારમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર નિકોબારમાં આગામી ૨૪ કલાક ભારેથી અતિભારે વરસાદ પડવાનો છે.

મે મહિનામાં લોકો વધતી ગરમીને કારણે કંટાળી જતા હોય છે. જોકે આ વખતે તો મે મહિનામાં જ કમોસમી વરસાદે ભારતના ઘણા બધા રાજ્યોમાં પોતાનો કહેર વરસાવ્યો છે. ખાસ કરીને આપણા ગુજરાતમાં તો હજું પણ કમોસમી વરસાદે માઝા મુકેલી છે. જેને લઈને ખેડૂતોના માથે ચિંતાના વાદળો ઘેરાઈ ગયા છે.

જોકે હવે કમોસમી વરસાદ બાદ દેશમાં ઉનાળાના વિદાયનો સમય આવી ગયો છે. કારણકે હવામાના વિભાગ દ્વારા આ વર્ષે હવે ચોમાસાને લઈને મોટી આગાહી કરવામાં આવી છે. જેના વિશે જાણીને તમે પણ ખુશ થઈ જશો. છેલ્લા કેટલાય સમયથી લોકો ચોમાસાની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. ચોમાસાને લઈને હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું કે આવતીકાલે ભારતના આંદમાન અને નિકોબારમાં ચોમાસુ બેસી જશે. એટલે કે આ વખતે ભારતમાં ચોમાસાની એન્ટ્રી વહેલી થઈ છે તેવું કહી શકાય. છેલ્લા ૨૪ કલાકમાં નિકોબારમાં ભારે વરસાદ જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકથી નિકોબારમાં ભારે વરસાદ પડી રહ્યો છે. હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ આગામી ૨૪ કલાક ભારેછી અતિભારે વરસાદ નિકોબારમાં રહેવાનો છે. સાથેજ આવતીકાલથી અહિંયા ચોમાસું પણ બેસી જશે. એટલે કે લોકોની રાહતનો હવે અંત આવ્યો અને આ વર્ષે દેશમાં ચોમાસાનું આગમન વહેલા થયું છે.ઉલ્લેખનીય છે કે આગામી ૪-૫ દિવસમાં અરબ સાગરમાં ચોમાસું પહોચી શકે છે. એટલે કે ગુજરાતમાં પણ આ વર્ષે ચોમાસું વહેલું જોવા મળશે તેવું કહી શકાય. જોકે હાલ તો ગુજરાતમાં કમોસમી વરસાદનો આતંક જોવા મળી રહ્યો છે. જેના કારણે ખેડૂતોનો પાક મોટા પ્રમાણમાં નાશ પામ્યો છે.

૧૨થી ૧૮ મહિનામાં લોન્ચ કરવામાં આવશે ૫૨ સેટેલાઈટ્સ

# સરકારે સ્પેસ-બેઝ્ડ સર્વેલન્સ પ્રોગ્રામને ફાસ્ટ ટ્રેક કર્યો

**ભારત સરકારે આ માટે ત્રણ પ્રાઈવેટ કંપનીઓને પણ પસંદ કરી છે જેઓ ઇસરો સાથે મળીને સેટેલાઇટ્સ તૈયાર કરશે**

નવી દિલ્હી, તા.૧૨

પાકિસ્તાન સાથેના મતભેદ બાદ ભારત હવે કોઈ પણ ચાન્સ લેવા નથી માગતું. આથી ભારતે તેના સ્પેસ-બેઝ્ડ સર્વેલન્સ-૩ પ્રોગ્રામને ફાસ્ટ-ટ્રેક કરી દીધો છે. મિન્ટમાં આવેલા એક રિપોર્ટ અનુસાર ભારત સરકારે આ માટે ત્રણ પ્રાઈવેટ કંપનીઓને પણ પસંદ કરી છે જેઓ ઈસરો સાથે મળીને સેટેલાઈટ્સ તૈયાર કરશે. આ માટે અનંત ટેક્નોલોજીસ, સેન્ટ્રમ ઈલેક્ટ્રોનિક્સ અને આલ્ફા ડિઝાઈન ટેક્નોલોજીસને પસંદ કરવામાં આવી છે. સરકાર દ્વારા અંતરિક્ષમાં ૫૨ સેટેલાઈટ્સને મોકલવામાં આવશે. આ તમામ સેટેલાઈટ્સ દ્વારા પાકિસ્તાન અને ચીન પર નજર રાખવામાં આવશે. બોર્ડર પર તેઓ શું કરી રહ્યાં છે અને તેમના દ્વારા કોઈ મુસિબત ઊભી કરવામાં આવી રહી હોય તો એના પર પહેલેથી નજર રાખી શકાશે. આ સાથે જ કુદરતી હોનારત માટે પણ આ સેટેલાઈટ્સ ખૂબ જ મદદગાર બની શકશે.

આ પ્રોજેક્ટ પહેલાં ચાર વર્ષમાં પૂરો કરવાની તૈયારી હતી, પરંતુ હવે એને ૧૨-૧૮ મહિનામાં પૂરો કરવા માટે કહીં દેવામાં આવ્યું છે. આથી ૨૦૨૬ના અંત સુધીમાં તમામ સેટેલાઈટ્સ તૈયાર થઈ જશે. હાલમાં અનંત ટેક્નોલોજીસ દ્વારા એક સેટેલાઈટ તૈયાર કરવામાં આવી રહી છે અને આ વર્ષે લોન્ચ કરવામાં આવશે. ઈસરોના લોન્ચ વ્હીકલ માર્ક-૩ અથવા તો ઈલોન મસ્કના સ્પેસએક્સ સાથે કરવામાં આવી રહેલાં જોઈન્ટ મિશનમાંથી એક દ્વારા આ સેટેલાઈટ્સને અંતરિક્ષમાં મોકલવામાં આવશે. ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવે એ પહેલાં મિનિસ્ટ્રી ઓફ ડિફેન્સ દ્વારા આ એડ્વાન્સ સેટેલાઈટ્સ માટે ઓર્ડર આપી દેવામાં આવ્યો હતો. કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી દ્વારા આ સ્પેસ-બેઝ્ડ સર્વેલન્સ-૩ પ્રોગ્રામને ગયા વર્ષે ઓક્ટોબરમાં અપ્રૂવ કરવામાં આવ્યો હતો. એ માટે ત્રણ બિલિયન અમેરિકન ડોલરનું બજેટ આપવામાં આવ્યું છે. આ પ્રોગ્રામ હેઠળ ૫૨ સર્વેલન્સ સેટેલાઈટ્સ બનાવવામાં આવશે એમાંથી ત્રણ પ્રાઈવેટ કંપનીઓ મળીને ૩૧ સેટેલાઈટ્સ બનાવશે. બાકીની તમામ સેટેલાઈટ્સ ઈસરો દ્વારા બનાવવામાં આવશે.

અમંત ટેક્નોલોજી, સેન્ટ્રમ ઈલેક્ટ્રોનિક્સ અને આલ્ફા ડિઝાઈન ટેક્નોલોજીસ છેલ્લા ઘણાં વર્ષથી ઈસરો સાથે મળીને કામ કરી રહ્યાં છે. ચંદ્રયાન-૩ મિશન માટે અનંત ટેક્નોલોજીસ મહત્ત્વના કમ્પોનેન્ટ સપ્લાઈ કરતું હતું. ૨૦૨૪માં આ કંપનીનું રેવેન્યું ૨૭૦ કરોડ રૂપિયા હતું. સેન્ટ્રમ અને આલ્ફા ડિઝાઈનનું રેવેન્યુ અનુક્રમે ૬૩૨ કરોડ રૂપિયા અને ૫૩૬ કરોડ રૂપિયા હતું.

# ભારતે પાકિસ્તાનનું ફાઈટર જેટ 'મિરાજ' તોડી પાડ્યું

**આકાશ સિસ્ટમે શાનદાર પ્રદર્શન કર્યું : ભારતીય સેના**

નવી દિલ્હી, તા.૧૨

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સંઘર્ષ વિશે વધુ માહિતી આપવા ભારતીય સેનાના ત્રણેય પાંખના DGએ મીડિયાને સંબોધન કર્યું હતું. આ દરમિયાન ઓપરેશન સિંદૂરની માહિતી આપવાની સાથે એક વીડિયો પણ શેર કરાયો છે. વીડિયોમાં પાકિસ્તાની મિરાજનો કાટમાળ જોવા મળી રહ્યો છે. ભારતીય સેનાએ કહ્યું કે, 'અમે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનનું ફાઈટર જેટ મિરાજને તોડી પાડ્યું છે. ભારતીય સેનાએ કહ્યું કે, 'અમે માત્ર આતંકવાદ વિરુદ્ધ લડી રહ્યા છીએ, તેથી અમે ૭ મેએ માત્ર આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા.

આ દરમિયાન પાકિસ્તાની સેનાએ અમારી વળતી કાર્યવાહીને પોતાની લડાઈ માની લીધી છે. જોકે હવે જે થયું તે માટે તેઓ જવાબદાર છે. અમે આકાશમાં જ દુશ્મનો સફાયો કરી દીધો છે.'

પ્રેસ કોન્ફરન્સમાં ભારતીય એર ડિફેન્સ સિસ્ટમ અંગે માહિતી આપતા એર માર્શલ એકે ભારતીએ કહ્યું કે, 'આપણી યુદ્ધ સિસ્ટમ સમયસર પ્રમાણિત અને ખરી ઉતરી છે અને તેનો જોરદાર મુકાબલો કરે છે. એક ખાસ વાત એ છે કે, સ્વદેશી એર ડિફેન્સ સિસ્ટમ આકાશ સિસ્ટમે શાનદાર પ્રદર્શન કર્યું છે. છેલ્લા દાયકામાં ભારત સરકાર દ્વારા મળેલા બજેટ અને નીતિગત સમર્થનના કારણે જ શક્તિશાળી એર ડિફેન્સ સિસ્ટમ તૈયાર કરવું શક્ય બની શક્યું છે. એર માર્શલે એકે ભારતીએ ભારતીય સેના દ્વારા ટાર્ગેટ કરાયેલી અન્ય તસવીરો રજૂ કરી હતી. તેમણે કહ્યું કે, 'ભારતીય સેનાએ ચીનની પીએલ-૧૫ મિસાઈલ તોડી પાડી, જેનો ભંગાર અમારી પાસે ઉપલબ્ધ છે. અમે લાંબા અંતરની મિસાઈલ પણ તોડી પાડી છે.'

# અમરેલી : ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીના જન્મ દિવસે વિવિધ સંસ્થાઓ દ્વારા સેવાકાર્ય










કેટલોક રાજીપો આપણા જીવનને સાર્થક કરી આપે છે અને આપપણે પણ જીંદગીમાં કઈક કરી છુટયાનો અહેસાસ કરાવે છે. આવું અમરેલીનું અણમોલ વ્યકિતત્વ એટલે દિલીપભાઈ સંઘાણી જેમના જન્મ દિવસને અમરેલી ની વિવિધ સહકારી, સામાજીક,ધાર્મીક સંસ્થાઓએ અનેક વિધ સેવાપ્રવૃતિઓ કરી દિલીપભાઈ સંઘાણીના જન્મ દિવસને સેવાકાર્યથી ઉજવ્યો હતો. જનસેવા, લોકસેવાના મુકસેવક એવા દિલીપભાઈ સંઘાણીનો ૧૨મે ના રોજ જન્મદિવસ પણ સહજ સરળસાત્વીકતાથી ઉજવયો. સૌનેસાથે રાખીનેચાલનાર સંઘાણીના જન્મદિવસે અમરેલીની સેવા સંસ્થાઓએ ઉજવ્યો હતો. જેમા ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ધ્વારા ગાયત્રી મંદિર ખાતે આયુષ્યયજ્ઞ, ઈફકો ધ્વારા લીલો ચારો કામધેનું બિમાર ગૌશાળા, ગોપાલ ફાયર સેફટી ધ્વારા લીલો ઘાસચારો જેશીંગપરા ગૌશાળા, સરદાર પટેલ ગ્રુપ ધ્વારા સર્વરોગનિદાન કેમ્પ સાવરકુંડલા રોડ સ્લમ વિસ્તાર, સુખનાથ મંદિરચોક યુવક મંડળ ધ્વારા ચોપડા વિતરણ માણેકપરા સ્કુલ ધો.૧ થી ૭, અમર ડેરી ધ્વારા છાશ વિતરણ રાજકમલચોક, ખરીદ વેચાણ સંઘ ધ્વારા ભોજન માનવ મંદિર સાવરકુંડલા, માધવ એજયુકેશન ટ્રસ્ટ ધ્વારા નાસ્તા વિતરણ ખોડીયાર મંદિર બ્રાહ્મણ સોસાયટી, ઈફકો ધ્વારા બટુક ભોજન ચિતલ રોડ ડેમ પાસે, અમર ડેરી ધ્વારા બટુક ભોજન પ્રતાપપરા, મનોજભાઈ માધડ અને ગ્રૂપ ધ્વારા ભોજન મહિલા વિકાસ ગૃહ, અમર ડેરી ધ્વારા ભોજન તપોવન આશ્રમ સહિતની વિવિધ સેવાકીય સંસ્થાઓએ દિલીપભાઈ સંઘાણીના જન્મ દિવસની ઉજવણી કરી હતી. તેમ સંસ્થાની યાદીમાં જણાવાએલ છે.

## ચેક મુજબની રકમ ક્રેડિટ સોસાયટીને ચુકવવા તેમજ

# અમરેલી : શ્રી કેશવ કો.ઓપ. ક્રેડિટ સોસાયટીમાંથી લોન લઈ હપ્તા ન ભરનારને ૧ વર્ષની સજા

### એડવોકેટ સચિન મહેતાની દલીલો ગ્રાહ્ય રાખતી કોર્ટ



અમરેલી, તા. ૧૨

અમરેલી રહેતા શાશ્વતભાઈ મગનભાઈ બોરડે શ્રી કેશવ કો– ઓપરેટીવ ક્રેડિટ સોસાયટી લી. જૂનાગઢની અમરેલી શાખામાંથી લોન લીધેલ ત્યારબાદ આરોપી દ્વારા ક્રેડિટ સોસાયટીમાં લોન લઈ હપ્તા ન ભરતા હોય જેથી ક્રેડિટ સોસાયટી દ્વારા આરોપીને જાણ કરેલ જેથી આ આરોપી દ્વારા ક્રેડિટ સોસાયટીની બ્રાંચમાં આવીએ રૂ.૫૫,૮૧૮/–પુરાનો ચેક આપી અને પોતાની લોન પેટે ની હપ્તાની રકમ પૂર્ણ કરવા જણાવ્યું. બાદમાં ક્રેડિટ સોસાયટી તરફથી ચેક બેંકમાં જમા કરાવતા તે અપૂરતા બેલેન્સના સાથે પરત આવેલ, જે બાદમાં ક્રેડિટ સોસાયટીના એડવોકેટ દ્વારા આરોપીને લીગલ નોટિસ મોકલવામાં આવેલ તેનો જવાબ લોન બાકીદાર શાશ્વતભાઈ મગનભાઈ બોરડ તરફથી ન મળતા અંતે કેશવ ક્રેડિટનો કેસ નામદાર એડી. જયુડી. મેજી. કોર્ટ અમરેલીમાં ચાલેલો, જેમાં ક્રેડિટ સોસાયટી તરફથી એડવોકેટ સચિન જી.મહેતાએ જરૂરી આધાર પુરાવા અને ધારદાર દલીલો કરી હતી જે ગ્રાહ્ય રાખી અને નામદાર કોર્ટે ચુકાદો આપતા આરોપીને એક વર્ષની સજા તથા ચેક મુજબ રકમ આરોપીએ ફરિયાદીને ચૂકવવાનો આદેશ કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું **લીલીયા ફોરલેન રોડનું કામ**

હોય તેના કારણે મોર્નિંગ વોક પર જતાં લોકોને અકસ્માતના ભય સાથે અગવડતા પણ ઉભી થાય છે અને ટ્રાફિક સમસ્યા પણ બને છે.

આ રસ્તાનાં કામ શરૂ કરી અને કેટલા સમયમાં પુરૂં કરવાનું આયોજન હતું અને તે પ્રમાણેની કાર્યવાહી હાલ થયેલ છે કેમ? રસ્તો બંધ કરી પ્લાન એસ્ટીમેન્ટમાં પાકા ડાઈવર્ઝનની જોગવાઈ છે કે કેમ? અને તે પ્રમાણે કામગીરી ન ચાલતી હોય તો તે માટે કોણ જવાબદાર છે? જવાબદારો સામે કોઈ પગલા લેવાયા છે કે કેમ? તેની પણ માહિતી માજી સાંસદ દ્વારા માંગવામાં આવેલ છે.

રાજયના મુખ્યમંત્રીએ અમરેલીની મુલાકાત દરમ્યાન આ રસ્તો ફોરલેન બનાવવા માટે અને લોકોને લીલીયાથી સુરત–મુંબઈ જતી રેલ્વે જરૂરી હતી. તંત્ર તરફથી કામ કરતી એજન્સી તરફથી ગુણવત્તા માટેના અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. તેના કારણે વાહન ચાલકોને ઘણા લાંબા સમયથી આ બાબતમાં મુશ્કેલી ભોગવી રહ્યા હોય છતાં પણ વહીવટી તંત્ર દ્વારા યોગ્ય કામગીરી થતી નથી.

પાના ૧ ઉપરનું ચાલું

**જાફરાબાદમાં દારૂની ના પાડનાર**

અને દારૂની બોટલ માંગતા માચ્છીમાર યુવકે કહેલ કે હું દારૂ વેચતો નથી. તેમ કહેતા આરોપીઓને સારૂ નહી લાગતા જેમફાવે તેમ ગાળો આપી છરી વડે માચ્છીમાર યુવકને ત્રણ ઘા છાતીના ભાગે મારી ગંભીર ઈજા કરી દીધેલ હતી. તેમજ માચ્છીમાર યુવકના મિત્ર મનીષભાઈ વચ્ચે પડતા આરોપીએ તેમને પણ પેટના ભાગે છરીનો એક ઘા મારી ગંભીર ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું **અમરેલી પાલિકાએ માત્ર કાગળ ઉપર**

વ્યકિતના રૂા. ૪૮૭/– લેખે ૩૧ દિવસ સુધી વધારાની સફાઈની કામગીરી કરાવવામાં આવી હતી. આ કામગીરી માટે એમ.એસ.ડી.સી. ઈન્ફ્રા એન્ડ સોલીડ વેસ્ટ–અમરેલીને તા. ૧/૩/૨૦૨૫ના વર્કઓર્ડર આપવામાં આવ્યો હતો અને આ કામગીરી પેટે તા. ૪/૪/૨૦૨૫ ના રૂા. ૬,૯૪,૪૬૨/– ના બીલની રકમનું ચુકવણું કરવામાં આવ્યુ છે.

વધુમાં જણાવેલ છે કે, વર્કઓર્ડરની શરતો મુજબ સફાઈ કરનારા દરેક કર્મચારીઓના નામ, મોબાઈલ નંબર તેમજ તેમની દૈનિક હાજરી, આઠ કલાક કામગીરી તેમજ સ્થળ પરથી કામગીરીના જીયોલોજીક લોકેશન સાથેના ફોટોગ્રાફસ પણ બીલની સાથે રજુ કરવાના હોય છે. આ કામગીરીના બીલમાં જોડવામાં આવેલા આધાર પુરાવાઓમાં એનેક્ષર–૧ માં કોઈપણ કર્મચારીના નામ, સરનામા, નંબર જણાવાયા નથી. તેમની સાંજની શીફટ અને સવારથી શીફટની વિગતો હાજરી પુરવાના પણ કોઈ જ આધાર રજુ કરાયા નથી.

વધુમાં જણાવેલ છે કે, બીલની સાથે જે જીયોલોજીક લોકેશન સાથે ફોટોગ્રાફસ રજુ કરવામાં આવેલા છે. તે અમરેલી પાલિકાના નિયમીત સફાઈ કામગીરી કરતા કર્મચારીના હોવાની શકયતા છે જેની તપાસ કરવામાં આવે તે જરૂરી છે. પણ ચકાસણી વગર પણ ચુકવી દેવાનું છે.

અમરેલી શહેરમાં આ એક મહિના દરમ્યાન કોઈ જ વિશેષ સાફસફાઈ કરવામાં આવી નથી. અને માત્ર કાગળ ઉપર સફાઈ દેખાડી તેના બીલ બનાવીને ચુકવણુ કરી દેવામાં આવ્યુ અને છે લાખો રૂપીયાનું કૌભાંડ આચરવામાં આવ્યુ છે.

વધુમાં જણાવેલ છે કે, વર્કઓર્ડરના નિયમ નં.૮ મુજબ નગરપાલિકા દ્વારા રોકવામાં આવેલા વધારાનાં સફાઈ કર્મચારીઓની દૈનિક હાજરી (એનેક્ષર–૧) અને થયેલી કામગીરી અંગેના નિયત નમુના (એનેક્ષર–૨) મુજબ પ્રમાણપત્ર સેનેટરી ઈન્સ્પેકટર અને ચીફ ઓફીસરની સંયુકત સહીથી બીજા દિવસે બપોરે ૧૨/૦૦ સુધીમાં મેળવી લેવાનું હોય છે અને આપેલી લીંકમાં અપલોડ કરવાનું હોય છે ત્યારે અમરેલી પાલિકાના ચીફ ઓફીસરે આ પ્રમાણપત્ર આપ્યુ હોય તો તે કયા આધારે અપ્યુ છે તેની ખરાઈ કરવામાં આવે અને કાગળ ઉપર કામગીરી થઈ હોય તો ચીફ ઓફીસરશ્રીની જવાબદારી નકકી કરીને તેની સામે પણ પગલા લેવા જરૂરી છે.

વધુમાં જણાવેલ છે કે, આ જ એજન્સી દ્વારા ચલાલા નગરપાલિકા વિસ્તારમાં પણ આ કામગીરી માટે વર્કઓર્ડર મેળવીને માત્ર કાગળ પર કામગીરી કરીને ખોટા બીલો રજુ કરી કૌભાંડ આચર્યુ હતુ. જેની વિગતો પ્રતિદિન દૈનિકપત્રોમાં પણ પ્રકાશીત થઈ છે. અમરેલીમાં પણ આ રીતે કામગીરી કરવામાં આવી છે તેની પણ યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવા વિનંતી છે. લાઠી નગરપાલિકામાં પણ આ એજન્સી દ્વારા આ પ્રકારનું કેભાંડ આચરવામાં આવ્યુ હોવાની આશંકા છે જેની પણ તપાસ થવા અંતમાં માંગ કરેલ છે.

## શિવશકિત મહિલા મંડળ અને અશ્વમેઘ ગૃપ દ્વારા

# અમરેલીનાં ઓમનગર ખાતે શિવ મહાપુરાણ કથાનું આયોજન સંપન્ન

### ૯ ગરીબ પરિવારની દીકરીઓનાં કરિયાવર અર્થે થયુ આયોજન




ચલાલા, તા. ૧૨

અમરેલી ઓમનગરમાં આવેલ ઓમકારેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં શિવ મહાપુરાણ કથા યોજાઈ હતી. આ કથા આયોજનનો મુખ્ય હેતુ ચલાલામાં સાંઈ મંદિરના સાનિધ્યમાં યોજાનાર ૪૩માં સમુહ લગ્નમાં નવ ગરિબ પરિવારની દિકરીઓના કરિયાવર વસ્તુઓના લાભાર્થે યોજાઈ હતી. અને શિવશકિત મહિલા મંડળ તથા અશ્વમેઘ ગૃપ તરફથી ગરીબ પરિવારની ૯ દિકરીઓને કરીયાવર વસ્તુઓમાં એક–એક દિકરીઓને એકાવન–એકાવન ઘર ઉપયોગી વસ્તુઓ આપવામાં આવેલ હતી.

શિવ મહાપુરાણમાં કથા ચલાલાના યુવા ભાગવતાચાર્ય લલીતભાઈ મહેતો નવ દિવસ સુધી નિઃસ્વાર્થ ભાવથી વાચેલ હતી. અને સંગીતમાં સુરામહારાજ નિમાવત, ભાવેશબાપુ નિમાવત, મનોજગીરીબાપુએ સેવા આપેલ હતી. અને સાઉન્ડ સીસ્ટમમાં શિવસાંઈ સાંઉન્ડના માલિક ધર્મેશભાઈ જાનીએ વિનામૂલ્યે સેવા આપેલ હતી. તેમજ અશ્વમેઘ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રવિરાજભાઈ શેખવા તરફથી નવ દિકરીઓને ૧૮ નંગ ખુરશીઓ તથા સમુહ લગ્ન કમિટીને રોકડ દાન રૂ. ૯૧૦૧/– આપેલ હતા.

નવ દિવસ શિવ કથામાં ઓમ નગર તથા આજુબાજુના તમામ વિસ્તારના લોકોએ ૯ દિકરીઓને કરીયાવર વસ્તુઓ આપેલ હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોગલમાં માનવસેવા ટ્રસ્ટના સંચાલક રાજુભાઈ જાનીએ કરેલ હતું. અને શિવશકિત મહિલા મંડળ તથા અશ્વમેઘ ગૃપ તથા કરિયાવર વસ્તુ આપનાર તમામ દાતાઓનો જાહેર આભાર માનવામાં આવેલ હતો. એમ ચલાલના પત્રકાર પ્રકાશભાઈ કારિયાની યાદીમાં જણાવેલ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી કોલેજ

સંકુલ M.Com. ગુજરાતી & ઈંગ્લીશ મિડીયમ કોલેજ

સંકુલ M.A. મનોવિજ્ઞાન – સમાજશાસ્ત્ર – ઈંગ્લીશ કોલેજ

સંકુલ GTU - AICTE માન્ય MBA - MCA કોલેજ

સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ


**અમરેલીના મહે. પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટમાં, રૂમ.નં.૧૦૧ મુ. અમરેલી**

દિવાની પરચુરણ અરજ નં.૧/૨૦૨૫, મુ.તા. ૨૩/૦૫/૨૦૨૫
અરજદાર તરફે વિ.વ.શ્રી અનીતા કે. જાખરીયા

અરજદાર :– અસ્મીતાબેન અશ્વીનભાઈ કોલડીયા,
ઉ.વ. ૪૨, ધંધો–ઘરકામ, રહે. યોગીચોક, પુણાગામ, સુરત

વિરૂધ્ધ

સામાવાળા :– ––––––––––––૦૦૦––––––––––––

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારે અત્રેની અદાલતમાં ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એકટની કલમ–૭ તથા ૧૦ અન્વયે અરજદારની સગીર પુત્રી **"કોલડીયા ખુશી અશ્વીનભાઈ"** (પાલક પિતા) મૂળ પિતા (સ્વ. મુકેશભાઈ પ્રકાશભાઈ ખૂંટ) ઉ.વ.આ. ૧૭ તથા **"કોલડીયા આર્યન અશ્વીનભાઈ"** (પાલક પિતા) મૂળ પિતા (સ્વ. મુકેશભાઈ પ્રકાશભાઈ ખૂંટ) ઉ.વ.આ. ૧૨ તે બંને સગીરોના બેંકમા ખાતુ ખોલાવવા અને તેનું સંચાલન કરવા માટેના જરૂરી ફોર્મમા બંને સગીર સંતાનો વતી સહી કરવા તથા સગીરોના હિતમાં સરકારશ્રીની સગીરોને મળતી સહાયના લાભો સગીરોને અપાવવા તથા ઉંટવડ ગામે આવેલ ખેતીની જમીનમાં સગીરો વતી ખેતીની જમીનની વહેંચણી કરવા અને સગીરોના વાલી તરીકેની જરૂરી તમામ કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ બેંક ખાતામાં સગીરોના નામે રકમ મુકવા તથા જરૂર જણાય તો સગીરોના ખાતે રહેલ રકમ મેળવી સગીરના હિતમાં ઉપયોગ કરવા અને તેનો હિસાબ રાખવા સગીરોના વાલી તરીકે આ કામના અરજદારની નિમણુંક કરવા માટે અત્રેની કોર્ટમાં હાલની આ દિવાની પરચુરણ અરજ કરેલ છે.

આમ, આ અરજી મુજબ જણાવેલ વિગતની સામે કોઈને પણ વાંધો તકરાર હોય, તેઓએ તેમના આધાર પૂરાવા સાથે **મુ. તા. ૨૩/૦૫/૨૦૨૫** ના રોજ અત્રેની કોર્ટમાં ૧૦–૪૫ કલાકે હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર થશે તો નામ. કોર્ટ આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરશે જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

આજ તા.૯ મી, માહે : મે, સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

| તૈયાર કરનાર | | મુકાબલ કરનાર | હુકમથી |
|---|---|---|---|
| (એચ.ડી.વસાવડા)<br>સીની. કલાર્ક (સીવીલ બ્રાન્ચ)<br>પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ,<br>અમરેલી | સિક્કો | (આર.આર.દવે)<br>હેડ કલાર્ક<br>પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ,<br>અમરેલી | (એમ.એન.મકવાણા)<br>બેન્ચ કલાર્ક, ગ્રેડ–૧<br>પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ કોર્ટ,<br>અમરેલી |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૦ | ૧૦૪૦ |
| ૨ | થીરનાર શીંગ | ૧૦૯૯ | ૧૦૯૯ |
| ૩ | શિંગ મોટી | ૭૦૦ | ૧૧૧૦ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૦૬ |
| ૫ | તલ સફેદ | ૧૨૭૦ | ૨૦૯૫ |
| ૬ | તલ કાળા | ૨૩૦૦ | ૩૯૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૫૦૦ | ૨૦૭૦ |
| ૮ | જુવાર | ૫૦૦ | ૭૧૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૩૯૧ | ૫૭૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૬ |
| ૧૧ | મકાઈ | ૪૩૦ | ૪૩૦ |
| ૧૨ | મગ | ૧૬૯૫ | ૧૬૯૫ |
| ૧૩ | અડદ | ૧૦૮૦ | ૧૧૪૫ |
| ૧૪ | ચણા | ૮૯૭ | ૧૦૯૪ |
| ૧૫ | ચણા સફેદ | ૬૧૦ | ૧૧૪૦ |
| ૧૬ | તુવેર | ૭૮૦ | ૧૩૭૫ |
| ૧૭ | કપાસ | ૮૭૫ | ૧૫૫૫ |
| ૧૮ | એરંડા | ૧૦૨૫ | ૧૧૬૬ |
| ૧૯ | જીરૂ | ૨૭૨૫ | ૩૬૮૦ |
| ૨૦ | રાય | ૭૬૦ | ૧૧૦૦ |
| ૨૧ | ધાણા | ૯૭૫ | ૧૨૯૫ |
| ૨૨ | ધાણી | ૧૧૦૦ | ૧૩૯૫ |
| ૨૩ | મેથી | ૬૩૫ | ૮૭૫ |
| ૨૪ | સોયાબીન | ૬૦૦ | ૫૧૪ |
| ૨૫ | કાંગ | ૪૭૧ | ૪૭૧ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૨ | ૧૫૧૧ |
| ૨ | ચણા | ૧૦૨૫ | ૧૦૭૬ |
| ૩ | એરંડા | ૧૧૧૧ | ૧૧૧૧ |
| ૪ | સોયાબીન | ૭૭૫ | ૭૭૫ |
| ૫ | તુવેર | ૧૨૮૧ | ૧૨૮૧ |
| ૬ | મેથી | ૭૫૦ | ૭૫૦ |
| ૭ | જીરૂ | ૪૨૭૦ | ૪૨૭૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૮૦ | ૧૦૫૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૫૧ |
| ૩ | શીંગ દાણા | ૧૩૧૦ | – |
| ૪ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૪૦ |
| ૫ | તલ કાળા | ૩૦૦૦ | ૩૭૫૦ |
| ૬ | જીરૂ | ૩૫૦૦ | ૪૧૧૦ |
| ૭ | કપાસ | ૧૩૫૦ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૬૦ |
| ૧૦ | બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| ૧૧ | જુવાર | ૪૫૦ | ૬૫૦ |
| ૧૨ | ચણા | ૧૦૭૫ | ૧૧૧૨ |
| ૧૩ | દેશી ચણા | – | ૧૨૫૨ |
| ૧૪ | તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૧૦૦ |
| ૧૬ | મેથી | ૭૦૦ | – |
| ૧૭ | ધાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૪૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૭૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૭૧ | ૧૦૦૯ |
| ૪ | જીરૂ | ૩૬૮૫ | ૪૦૭૫ |
| ૫ | ઘઉં | ૪૬૭ | ૫૧૩ |
| ૬ | તલ સફેદ | ૧૬૩૦ | ૧૯૭૦ |
| ૭ | ચણા | ૧૦૬૧ | ૧૦૮૯ |
| ૮ | એરંડા | ૧૦૭૫ | ૧૧૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૦૦૮ |
| ૨ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૦૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૩૬૮૦ |
| ૪ | કપાસ | ૧૧૧૧ | ૧૫૧૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૫૬ |
| ૬ | જુવાર | ૬૫૦ | ૮૮૧ |
| ૭ | તુવેર | ૧૧૮૦ | ૧૩૦૧ |
| ૮ | ચણા | ૧૦૦૦ | ૧૧૨૨ |
| ૯ | મેથી | ૯૨૦ | ૯૨૦ |
| ૧૦ | એરંડી | ૯૦૦ | ૯૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૨૧ | ૯૮૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૬૨ | ૪૯૬ |
| ૩ | ચણા | ૯૮૦ | ૧૦૮૦ |
| ૪ | સફેદ ચણા | ૧૨૦૧ | ૧૨૨૦ |
| ૫ | તુવેર | ૧૧૫૦ | ૧૩૧૧ |
| ૬ | એરંડા | ૯૧૦ | ૧૧૭૨ |
| ૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૨૫ |
| ૮ | અડદ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૯ | શીંગ ફાડા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૦ | મેથી | ૮૦૦ | ૮૩૫ |
| ૧૧ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |

# બાબરા : સિવિલ હોસ્પિટલમાં શહેર અને તાલુકા ભાજપ દ્વારા મહારક્તદાન કેમ્પ યોજાયો








ભારત પાકિસ્તાન યુદ્ધ દરમિયાન રક્દાન ની ઉપલબ્ધ માટે રક એકઠું કરવામાં માટે રક્તદાન કેમ્પ નું આયોજનબાબરાશહેરઅનેતાલુકાભાજપ દ્વારા અહીં સિવિલ હોસ્પિટલમાં અમરેલી શાંતાબા હોસ્પિટલના સયુંકત ઉપક્રમે આયોજનકરવામાંઆવ્યુંહતુંજેમાંરાજયના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા, સાંસદ ભરતભાઈ સુતરિયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા પાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકર,જિલ્લાભાજપનાપ્રમુખ અતુલભાઈ કાનાણી,જિલ્લા ભાજપના મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસિયા,શહેર ભાજપ પ્રમુખ કિરીટભાઈ પરવાડીયા, મહામંત્રી જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા,તાલુકા ભાજપના પ્રમુખ હિતેશભાઈ કલકાની,શહેરયુવાભાજપના પ્રમુખહરેશભાઈઆખજા,સહિતનાતાલુકા અને શહેર ભાજપના અગ્રણીઓ નગરપાલિકાસભ્યોતાલુકાપંચાયતસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અહીં સીવીલ હોસ્પિટલમાંઆયોજીતરક્તદાનકમ્પ માં ૫૭ જેટલી બોટલ એકત્ર કરવામાં આવી હતી.

### ૧૦ મહિનામાં દવા અને સર્જીકલ સાધનો પર અપાયું કરોડો રૂપિયાનું ડિસ્કાઉન્ટ

## રાજકોટ : સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોર એટલે દર્દી નારાયણની સેવાનું સાચું સરનામું

### ૨૦% થી લઈ ૬૫% સુધી અપાય છે ડિસ્કાઉન્ટ

અમરેલી, તા. ૧૨

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર, (નાના મવા ચોક, આર.કે. પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ) ખાતે ચાલી રહેલ, સદભાવના વૃદ્ધાશ્રમના મેડિકલ સ્ટોરમાં અત્યારે રોજનું ૧૦ લાખ રૂપિયાની દવાઓનું વેંચાણ થઈ રહ્યું છે અને માત્ર દસ મહિનાના ટૂંકા ગાળામાં સમગ્ર પણે કરોડો રૂપિયાની રાહત દર્દીઓને અપાઈ ચુકી છે, ૨૦% થી લઈ ૬૫% સુધી ડિસ્કાઉન્ટ અપાય છે, એટલે કે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દર્દીનારાયણ, દરિદ્ર નારાયણની સેવા માટે ભગીરથ કાર્ય કરવામાં નિમિત બન્યું છે. ૩૫ લોકોનો સ્ટાફ કાર્યરત છે,દર મહિને ૩૦ હજાર જેટલા દર્દીઓ લાભ લે છે. અત્યાર સુધીમાં ૧૮ કરોડથી વધુ રકમની દવાઓનું વેંચાણ કરવામાં આવ્યું છે. ૫ કરોડનું ડિસ્કાઉન્ટ આપવામાં આવ્યું છે.




સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોરના સંચાલકોને થોડા મહિનાઓ પહેલા એવો વિચાર આવ્યો કે લોકોનો સૌથી વધુ ખર્ચ બાળકોના શિક્ષણ અને પરિવારના સ્વાસ્થ્ય પાછળ વપરાતો હોય છે. ડોકટર જે પ્રિસ્ક્રિપ્શન લખી આપે તે દર્દીના પરિવારે લેવી અનિવાર્ય બની જાતી હોય છે પણ એ ખર્ચ બહુ મોટો હોય છે આથી સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર દ્વારા પડતર કિંમતે દવા અને સર્જીકલ સાધનોનું વેચાણ કરતો એક સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કરવો એવો નિર્ધાર કર્યો અને ૧૦ મહિના પૂર્વે નાના મવા સર્કલ પાસે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર શરૂ કર્યો.

દવાની વધતી જતી માંગ અને દર્દીનારાયણને વધુને વધુ આ સેવાનો લાભ મળે તે હેતુથી સદભાવના વૃપ્રધાશ્રમ મેડીકલ સ્ટોરના સંચાલકો દ્વારા જરૂરીયાતમંદ દર્દીનારાયણ– દરીદ્ર નારાયણની સેવામાં વધુ એક મેડીકલ સ્ટોર રાજકોટના રૈયા રોડ ખાતે શરૂ કરાયો છે.

સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનાં નિમિત સંચાલકોએ વધુમાં જણાવ્યું છે કે, દસ મહિનાના ગાળામાં મેડિકલ સ્ટોર તરફથી સમગ્રપણે કરોડો રૂપિયાનું ડિસ્કાઉન્ટ દર્દીનારાયણોને આપવામાં આવ્યું છે. અહિયાં ૨૦% થી લઈ ૬૫% સુધીનું ડિસ્કાઉન્ટ દવા, ઈન્જેકશન અને સર્જીકલ સાધનો પર આપવામાં આવે છે. ડોકટર જે દવા લખી આપે છે એ જ સ્ટાન્ડર્ડ દવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડિકલ સ્ટોરમાંથી આપવામાં આવે છે.

વધુ વિગતો માટે સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોર, નાના મવા ચોક, આર.કે. પ્રાઈમ, સિલ્વર હાઈટસ પાસે, રાજકોટ, મો. ૬૩૫૧૦ ૧૨૧૮૨નો સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમ મેડીકલ સ્ટોરનાં માનદ સંચાલક ભુપતભાઈ રાદડિયાની યાદીમાં જણાવાયું છે.

### તાત્કાલિક હનુમાનજી આશ્રમ પાસે

## સાવરકુંડલાની નાવલી નદી ઉપર આવેલ ચેક ડેમ ઓવરફલો : નદી બે કાંઠે

### છેલ્લા એક અઠવાડિયાથી બપોર પછી દે ધનાધન

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલા ખાતે આવેલ નાવલી નદી પર તાત્કાલિક હનુમાનજી આશ્રમ નજીકનો ચેક ડેમ છેલ્લા ઘણા દિવસથી થયેલા કમોસમી વરસાદના કારણે ઓવરફલો થયો છે. ભારે વરસાદના પગલે નાવલી નદી તેના બંને કાંઠે વહી રહી છે. આમ છેલ્લા એકાદ અઠવાડિયાથી બપોર પછી પવન સાથે વરસાદ ખાબકતાં આને માવઠું કહેવું કે ચોમાસુ?

## લાઠીમાં શુક્રવારે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પનું આયોજન

લાઠી, તા. ૧૨

લાઠી પુજય ધીરગુરૂદેવની વર્ધમાન ચેરીટેબલ ટ્રસ્ટ અને ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે લાઠી અને આજુબાજુના ગામોના લોકો માટે નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કેમ્પ આગામી તારીખ ૧૬મી મે, ૨૦૨૫ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૧:૦૦ કલાક દરમિયાન લાઠીના વાણીયા શેરી સ્થિત ‘‘નંદ મધુ ભવન’’ બહુચર ધામ મંદિર પાસે યોજાશે.

આ કેમ્પમાં દાંત અને પેઢ ાના રોગોથી પીડિત દર્દીઓની તપાસ કરવામાં આવશે. અને તેમને યોગ્ય સારવાર તેમજ સલાહ આપવામાં આવશે. જે દર્દીઓને દાંત કઢાવવાની જરૂરિયાત હશે. તેમના માટે આયુર્વેદની ‘‘જાલધર બંધ’’ પદ્ધતિથી નિઃશુલ્ક દાંત કાઢી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. એટલું જ નહીં, જેમના મોઢામાં દાંત નથી તેમને રાહત દરે અથવા જરૂરિયાતમંદ લોકોને વિનામૂલ્યે દાંતનું ચોકઠું (બત્રીસી) બનાવી આપવાની પણ વ્યવસ્થા ટ્રસ્ટ દ્વારા કરવામાં આવી છે.

ડીવાઈન ચેરીટેબલ ટ્રસ્ટ ફોર હેલ્પ એન્ડ એજયુકેશન રાજકોટના ડો.
જયસુખભાઈ મકવાણા અને તેમની નિષ્ણાંત ટીમ જેમાં મોનીકાબેન ભટ્ટ, જાગૃતિ ચૌહાણ, ડો. સંજય અગ્રાવત, ડો. હરેશ માળી, ડો. કુશ રાજસિંહ સિસોદીયા, રાજુભાઈ વરિયા અને રાજેશભાઈ ભૂટક આ કેમ્પમાં પોતાની સેવાઓ આપશે.

લાભાર્થી હિનાબેન રાજેશભાઈ ભીમાણી અને તમામ સ્વયંસેવક ભાઈ–બહેનો આ કેમ્પની સમગ્ર વ્યવસ્થાને સુચારૂ રૂપે પાર પાડવા માટે તડામાર તૈયારીઓ કરી રહ્યા છે. આયોજકો દ્વારા લાઠી અને આજુબાજુના ગામોના તમામ લોકોને આ નિઃશુલ્ક દંતરોગ ચિકિત્સા કેમ્પનો લાભ લેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ધારી : આઈ.ટી.આઈ ખાતે એપ્રેન્ટિસ ભરતી અને પ્લેસમેન્ટ મેળો

અમરેલીતા.૧૨

આગામી તા.૧૩ અને તા.૧૪ મે, ૨૦૨૫ મંગળ અને બુધવારનારોજધારીઔદ્યોગિકતાલીમ સંસ્થા ખાતે પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટીસભરતીતેમજપ્લેસમેન્ટમેળો યોજાશે.આભરતીમેળોબપોરે૧૨:૦૦ કલાકથીયોજાશે.

ભરતીમેળામાંધો.૧૨પાસ આઈ.ટી.આઈ.ટ્રેડમાંફિટર,મિકેનિક, ડિઝલ ટર્નર, વેલ્ડર, મશિનિસ્ટ, ડ્રાફટમેનમિકેનિક,ઈન્સ્ટુમેન્ટમિકેનિક, ટુલ ઢમ ઓપરેટર, ડિપ્લોમા પાસ આઉટતાલીમાર્થીઓભાગલઈ શકશે.

આ ભરતી મેળામાં, સાણંદ સ્થિત ટાટા મોટર્સ પ્લાન્ટ માટે એપ્રેન્ટિનશીપ, મહિન્દ્ર ઓટોમેટિવ રાજકોટ માટે કંપની ટ્રેઈની, ઓરબીટ બેરિંગ્સ ઈન્ડિયા પ્રા.લિ. સહિતની કંપનીઓ માટે મશીન ઓપરેટરની જગ્યાઓ માટે પસંદગી થશે.

આ ભરતી મેળામાં ભાગ લેવા માટે આધાર કાર્ડ અને શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજ સાથે, ધારી આઈ.ટી.આઈ, હમખીમડી, તુલશીશ્યામ રોડ ખાતે ઉપસ્થિત રહેવું. તેમ ધારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્યએ એક યાદીમાં જણાવ્યું છે.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### ઈફકો ચેરમેન દિલીપ સંઘાણીનાં જન્મદિને

## સા.કુંડલાના માનવ મંદિર ખાતે આગેવાનો દ્વારા હરિબાળકોને ભોજન કરાવાયું

### દીપક માલાણી, ઘનશ્યામ ડોબરીયા પણ ઉપસ્થિત રહ્યાં



અમરેલી,તા.૧૨

સા.કુંડલાનાંમાનવમંદિરખાતે ઈફકોનાંચેરમેનદિલીપસંઘાણીનાંજન્મદિન નિમિતે સહકારી અગ્રાણી દિપક માલાણી, મનિષ સંઘાણી, ભાજપ અગ્રાણી ઘનશ્યામ ડોબરીયા, જયંતીભાઈ પાનસુરીયા, અનિરૂધ્ધસિંહરાઠોડ,કુલદીપભાઈ કોટીલા સહકારીશિરોમણીએન.સી.યુ.આઈ.અને ગુજકોમાસોલ તથા ઈફકોનાં ચેરમેન તથા ભાજપ વરિષ્ઠ નેતા દિલીપભાઈ સંઘાણી જન્મદિવસ નિમિતે બપોરનું ભોજન "માનવમંદિર"સાવરકુંડલાનાહરિબાળકોને કરાવ્યું.ભકિતરામબાપુએસંઘાણી પરિવાર પરખુબરાજીપોવ્યકતકર્યોહતો.મનીષભાઈ સંઘાણી, દીપકભાઈ માલાણી, સાવરકુંડલાના ઘનશ્યામભાઈ ડોબરીયા, અનિરૂધ્ધસિંહ રાઠોડ તેમજ ચલાલા, અમરેલી, સા.કુંડલા થી આગેવાનો ઉપસ્થિત રહયા હતા. અમરેલી જિલ્લા સહકારીસંઘલી.નામેનેજરભાર્ગવભાઈ ત્રિવેદી તેમજ અમરેલી જિલ્લા સ.ખ.વે.સંઘ લી. અમરેલીના ભાવીનભાઈ અમરેલીયા, જયેશભાઈ ભરવડાઉપસ્થિતરહેલહતા.

## અમરેલી : મધર્સ ડે નિમિત્તે પોલીસની શી–ટીમ દ્વારા સીનિયર સીટીઝનને શુભેચ્છા પાઠવાઈ



અમરેલી, તા.૧૨

રેન્જ આઈ.જી.પી ગૌતમ પરમાર તથા પોલીસ અધીક્ષક સંજય ખરાતએઅમરેલીજીલ્લામાંશી–ટીમને ‘મધર્સ ડે’ ના અનુસંધાને સીનીયર સીટીઝનોની મુલાકાત લઈ અને તેઓને શાન્તવનાઆપવાસુચનાઆપેલહોય. અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ ધ્વારા જરૂરી માર્ગદર્શન આપેલ હતું. જે અન્વયે અમરેલીરૂરલપોલીસસ્ટેશનનાપોલીસ ઈન્સ.ઓ.કે. જાડેજા રાહબરી હેઠળ તા.૧૧નારોજ અમરેલી રૂરલ પોલીસ શી–ટીમધ્વારાઅમરેલીતાલુકાપોલીસ સ્ટેશન વિસ્તારના અલગ અલગ ગામોમાં રહેતા સીનીયર સીટીઝનોની મુલાકાત લઈ સિનિયર સિટિઝનના હાલચાલ પુછી અને તેઓને સ્ટેશન વિસ્તારના અલગ–અલગ ગામોમાં રહેતા સીનીયર સીટીઝનોની મુલાકાત લઈ સિનિયર સિટિઝનના હાલચાલ પુછી અને તેઓને મધસ ડે નીમીત્તે શુભેચ્છા આપી અને તેમની મુલાકાત લઈ કામગીરી પોલીસ વિભાગની શી–ટીમ ધ્વારા કામગીરી કરવામાં આવી હતી.

# સાવરકુંડલા ખાતે ‘‘વન નેશનલ વન ઇલેક્શન’’ સંદર્ભે જાગૃતિ અર્થે સેમિનાર યોજાયો







સાવરકુંડલામાં લાયન્સ કલબઅનેસદભાવનાગૃપદ્વારાવન નેશન વન ઈલેકશનના સમર્થનમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં સાવરકુંડલા શહેર અને તાલુકાના વેપારીઓ, ડોકટરો, વકીલો, લોકો અને વિવિધ જ્ઞાતિના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, અમરેલી જિલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ઈલેકશનની વિસ્તૃત સમજણ આપી હતી. આ પ્રોજેકટ અંતર્ગત ચૂંટણી ખર્ચમાં ઘટાડો થશે, સમય અને સંસાધનોની બચત થશે, અને દેશના વિકાસ કાર્યોને વધુ ઝડપથી આગળ વધારશે તેવા વન નેશનવનઈલેકશનનાફાયદાઓઅંગે સમજણઆપીહતી. દેશનાવિકાસમાં તેનીભૂમિકામહત્વપૂર્ણબનીરહેશે. આ નિર્ણયથી ચૂંટણી ખર્ચમાં ઘટાડો થશે અને સંસાધનોની બચત થશે એ લોકતંત્ર માટે ખૂબ મહત્વપૂર્ણ ગણી શકાય. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સદભાવના ગૃપ અને લાયન્સ કલબ સાવરકુંડલાના સભ્યોએ જહેમત ઉઠાવીહતી. આસંમેલનમાંવેપારીઓ, ડોકટરો,વકીલોઅનેલોકોઉપસ્થિતરહ્યા હતા. અને આ વિચારને સમર્થન આપ્યું હતું.

## ડાયવર્ઝનના નિયમને તોડતા કેટલાક વાહન ચાલકો



દામનગર શહેરમાં આવેલ વૈજનાથ મહાદેવ મંદિર પાસેથી પસાર થતાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના જર્જરીત થયેલ નાળાની જગ્યાએ નવા નાળાની કામગીરી શરૂ કરાયેલ હોય તેના સંદર્ભમાં નવા બસ સ્ટેન્ડની સામે અપાયેલ ડાયવર્ઝનના બોર્ડના નિયમની ઐસી–તૈસી કરાતી હોય અકસ્માત થશે તો કોણ જવાબદાર રહેશે. એવા સવાલો થઈ રહ્યાં છે.

# અમરેલી પાલિકાએ માત્ર કાગળ ઉપર સફાઈની કામગીરી કરીને લાખો રૂપિયાનાં ખોટા બિલ ચુકવી દીધાનો આક્ષેપ

અમરેલી, તા. ૧૨

અમરેલી પાલિકાનાં વિપક્ષી નેતા સેંજલબેન સોલંકીએ પાલિકાનાં પ્રાદેશિક નિયામકને પત્ર પાઠવીને જરૂરી તપાસની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી નગરપાલિકા દ્વારા સ્વચ્છ ભારત મીશન અંતર્ગત સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૪ ને ધ્યાને રાખીને વિઝીલનસ કલીન્લીનેશ માટે તા. ૧/૩/૨૦૨૫ થી તા. ૩૧/૦૩/૨૦૨૫ સુધી વધારાના મેન પાવર રાખીને પ્રતિ

અનુસંધાન પાના ૬ ઉપર







## ૭ માચ્છીમારોની મુશ્કેલી વધી

# જાફરાબાદનાં દરિયામાં ટોકન લીધા વગર માચ્છીમારી કરવા જનાર વિરૂધ્ધ કાર્યવાહી

### મરિન પોલીસ દ્વારા ધોરણસર કાર્યવાહી કરાઈ

અમરેલી, તા. ૧૨

જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામે રહેતા છગનભાઈ નાજાભાઈ શિયાળ, દીનેશભાઈ ધીરૂભાઈ શિયાળ (ખલાસી), જીગરભાઈ કાનાભાઈ શિયાળ (ખલાસી), સુરેશભાઈ રાજાભાઈ બારૈયા તથા સામાકાંઠા જાફરાબાદમાં રહેતા પ્રવીણભાઈ ભાણજીભાઈ શિયાળ, કિશોરભાઈ બાબુભાઈ બારૈયા, તુલશીભાઈ મગનભાઈ બાભણીયા સહિત ૭ લોકો તા. ૧૧ના રોજ વ્હેલી સવારે ૨:૩૦ વાગ્યે ટોકન લીધા વગર દરિયામાં IND-GJ-14 MM-296 લક્ષ્મીપ્રસાદ નામની બોટ લઈ જાફરાબાદ જેટીથી આશરે પોણાથી અડધા નોટીકલ માઈલ દુર ટેટા પુલ પાસે દરિયામાં ફીશીગ કરવા જતા પકડાઈ જતા જાફરાબાદ મરીન પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.
















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)